dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 295 | AD - 2025, Sravan Sud-05 | Tuesday, Dt.29-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સાબરમતી રિવરફ્રન્ટ ખાલી કરાવાયો, વાસણા બેરેજના ૪ દરવાજા ખોલાયા

સતત બે દિવસ ભારે વરસાદથી અમદાવાદ જળબંબાકાર

અમદાવાદ,તા.૨૮

શહેરમાં વરસાદી માહોલ યથાવત છે. રવિવારે પડેલા ધોધમાર વરસાદ બાદ સોમવારે પણ શહેરના રસ્તાઓ પરથી પાણી ઓસર્યા નથી. નીચાણવાળા વિસ્તારોમાંથી પાણીનો નિકાલ થયો નથી. આવામાં વાસણા બેરેજના ૪ દરવાજા ખોલાયા છે. વાસણા બેરેજનું લેવલ ૧૨૫ ફુટ કરાયું છે. સાથે જ સાબરમતી રિવરફ્રન્ટ ખાલી કરાવાયો છે. રોડ પરથી પાણી ન ઓસરતા નિર્ણય લેવાયો છે. રવિવારે પડેલા ભારે વરસાદ અને સોમવારે સવારથી પણ પડી રહેલા વરસાદને પગલે શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા છે. પૂર્વ વિસ્તારમાં વધુ પાણી ભરાયા છે. ઉપરાંત ઉપરવાસમાંથી પણ સતત પાણીની આવક થઈ રહી છે. જેના પગલે સાબરમતી નદીનું લેવલ ૧૨૫ ફૂટ કરાયું છે. રવિવારે પણ વાસણા ડેમના ૭ દરવાજા ખોલાયા હતા. સોમવારે પણ ચાર દરવાજા ખોલીને ૩ હજાર ક્લુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. કેમ કે, બેરેજમાંથી પાણી છોડવામાં ન આવે તો શહેરમાંથી પાણી ઓસરે નહીં. અમદાવાદમાં કેટલાક વિસ્તારોને બાદ કરતા વરસાદે વિરામ લીધો છે. છતાં ઘણા વિસ્તારો હજુ પણ જળબંબાકાર છે. રવિવારે પડેલા ભારે વરસાદના પાણી હજુ પણ ઘણા ભાગોમાં ઓસર્યા નથી. ઓઢવ સર્કલ રીંગરોડ પર જબરદસ્ત જલ ભરાવને કારણે ભારે ટ્રાફિકજામ જોવા મળ્યો છે. રોડ પર પાણી હોવાથી એક કલાકથી વાહનો ફસાયા છે. અમદાવાદમાં સતત બીજા દિવસે અનેક વિસ્તારો જળબંબાકાર છે. નિકોલ પાસેના મધુમાલતી આવાસ હજુ પાણીમાં છે. મધુમાલતી આવાસમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. વરસાદના વિરામ બાદ પણ પાણી ઓસર્યા નથી. અમદાવાદના ઘણા ભાગો હજુ પણ તરબોળ છે. ગોતાના વૃંદાવન હાઈટ્સ પાસે રોડ પર હજુ પણ પાણીનો ભરાવ છે. ગોતા વંદે માતરમથી જગતપુર તરફ જવાના રોડ ઉપર વૃંદાવન હાઈટ્સ પાસે વરસાદી પાણી ભરાયા છે. લોકો વરસાદી પાણીમાંથી પસાર થવા મજબૂર છે. ગુજરાતના ગાંધીનગર જિલ્લાના



લોકપ્રિય સંત સરોવરમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. હાલમાં વરસાદ અને પાણીની સતત આવકને કારણે સંત સરોવરમાં પાણીનું સ્તર વધી ગયું છે. પાણીની આ વધતી આવકને ધ્યાનમાં રાખીને તંત્રએ પહેલું પગલું ભર્યું છે અને જળ સ્તર નિયંત્રિત રાખવા માટે સરોવરના ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે. સંત સરોવરના આ દરવાજા ૦.૬૦ મીટર જેટલા ખોલવામાં આવ્યા છે. જેના પરિણામે સાબરમતી નદીમાં ૧૦,૪૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. હાલ સરોવરમાં અંદાજે ૩,૮૪૦ ક્યુસેક પાણીની સતત આવક થઈ રહી છે. આવક કરતાં વધુ પ્રમાણમાં પાણી નદીમાં છોડવામાં આવતું હોવાથી નદીના કાંઠે રહેતા લોકોને સલામતી અંગે સૂચના આપવામાં આવી છે. ગાંધીનગરથી લઈને અમદાવાદ સુધીના નદીકાંઠાના ગામોને તંત્ર દ્વારા સતર્ક કરવામાં આવ્યા છે. અહીંના લોકો તેમજ નદી નજીકના વિસ્તારના રહેવાસીઓને તાત્કાલિક નદીની નજીક ન જવાનું, બાળકોને દૂર રાખવાનું અને જરૂરી બચાવ પગલાં રાખવાનું સૂચવાયું છે. સ્થાનિક પ્રશાસન અને NDRF ટીમ પણ એલર્ટ સ્થિતિમાં રાખવામાં આવી છે જેથી કોઈપણ પ્રકારની આફતને તાત્કાલિક સંભાળી શકાય. સાબરમતી નદી, જે ગુજરાતના અમુક મુખ્ય શહેરો જેવા કે ગાંધીનગર અને અમદાવાદમાંથી વહે છે, તેમાં જ્યારે વધારે પ્રમાણમાં પાણી છોડવામાં આવે છે ત્યારે નદીના સ્તરમાં વધારો જોવા મળે છે. પરંતુ જો આવી સ્થિતિ વધતી રહે તો નિચાણ વાળા વિસ્તારોમાં નાની મોટી પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ખેડૂતો અને નદી કાંઠે વસવાટ કરતા લોકો માટે આ મહત્વપૂર્ણ સમય છે. સરકાર અને તંત્રની સૂચનાઓને ગંભીરતાથી માનવી પડશે. જળસંપત્તિ વિભાગની ટીમ પણ સતત સરોવર અને નદીના પાણીના સ્તર પર નજર રાખી રહી છે. સંત સરોવરમાંથી પાણી છોડવામાં આવ્યું હોવા છતાં હાલ સ્થિતિ સંપૂર્ણ રીતે નિયંત્રણમાં છે. પરંતુ વરસાદ ચાલુ રહે તો ભવિષ્યમાં વધુ પાણી છોડવાની જરૂર પડી શકે છે.

પહેલગામ હુમલા પર ચિદમ્બરમના નિવેદનથી હોબાળો

કોંગ્રેસ હંમેશા ઈસ્લામાબાદના બચાવમાં આવતી હોવાનો ભાજપનો આક્ષેપ

નવીદિલ્હી,તા.૨૮

સંસદમાં 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચા પહેલા, કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમના એક નિવેદને રાજકીય તોફાન મચાવી દીધું છે. એક ઈન્ટરવ્યુમાં ચિદમ્બરમે પહેલગામ આતંકવાદી હુમલા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા કે શું હુમલામાં સામેલ આતંકવાદીઓ ખરેખર પાકિસ્તાનથી આવ્યા હતા? શું આના પુરાવા છે? તેમણે એમ પણ કહ્યું હતું કે હુમલામાં સ્થાનિક આતંકવાદીઓ પણ હોઈ શકે છે. આ નિવેદન પછી, ભાજપે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે તે હંમેશા દુશ્મનોનો પક્ષ લે છે અને પાકિસ્તાનને ક્લીનચીટ આપે છે. પી. ચિદમ્બરમે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે સરકાર એ સ્પષ્ટ કરી રહી નથી કે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ હુમલા પછી શું કર્યું છે. આ દરમિયાન, ચિદમ્બરમે એમ પણ કહ્યું કે શું તેઓએ (સરકારે) આતંકવાદીઓને ઓળખી કાઢ્યા છે? શું ખાતરી છે કે તેઓ પાકિસ્તાનથી આવ્યા હતા? આ સાથે, ચિદમ્બરમે ઓપરેશન સિંદૂર દરમિયાન થયેલા નુકસાનને છુપાવવાનો પણ આરોપ લગાવ્યો. ચિદમ્બરમે કહ્યું કે યુદ્ધમાં



બંને પક્ષોને નુકસાન થાય છે. બ્રિટને વિશ્વયુદ્ધમાં દરરોજ પોતાનું નુકસાન જણાવ્યું હતું. ભારતે પણ આવું જ કરવું જોઈએ. ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ 'X' (અગાઉ ટ્વિટર) પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે ચિદમ્બરમ એ જ નેતા છે જેમણે ભગવા આતંકવાદનું જૂઠાણું ફેલાવ્યું હતું. હવે ફરીથી તેઓ પાકિસ્તાનને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે પણ કોંગ્રેસ તેના પર પ્રશ્નો ઉઠાવવાને બદલે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદને બચાવવાનું શરૂ કરે છે. માલવિયાએ વધુમાં કહ્યું કે જ્યારે પણ ભારત પાકિસ્તાન સામે કાર્યવાહી કરે છે, ત્યારે કોંગ્રેસના નેતાઓ ઈસ્લામાબાદના બચાવમાં ઉભા જોવા મળે છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે.

સેનાની કાર્યવાહી આતંકવાદ વિરુદ્ધ હતી

ઓપરેશન સિંદૂર કોઈ પણ દબાણ હેઠળ બંધ કરવામાં આવ્યું ન હતું : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૨૮

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા શરૂ કરી અને કહ્યું કે હું દેશ માટે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપું છું. તેમણે કહ્યું કે પહેલગામમાં કાયર આતંકવાદી હુમલો થયો હતો. અમે ઓપરેશન સિંદૂર દ્વારા માતાઓ અને બહેનોનો બદલો લીધો. ઓપરેશન સિંદૂર પહેલા દરેક પાસાને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ઓપરેશન સિંદૂરમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. લોકસભામાં રાજનાથ સિંહે કહ્યું કે એવું કહેવું ખોટું છે કે ઓપરેશન સિંદૂર કોઈપણ દબાણ હેઠળ રોકવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રીએ કહ્યું, "આપણા સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા સંકલિત હુમલાઓમાં ૯ આતંકવાદી માળખાકીય સુવિધાઓના લક્ષ્યોને ચોકસાઈથી નિશાન બનાવવામાં આવ્યા હતા. આ લશ્કરી કાર્યવાહીમાં, એવો અંદાજ છે કે ૧૦૦ થી વધુ આતંકવાદીઓ, તેમના ટ્રેનર્સ, હેન્ડલર્સ અને સહયોગીઓ માર્યા



ગયા હતા. આમાંથી મોટાભાગના જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા હતા. આખું ઓપરેશન ૨૨ મિનિટમાં પૂર્ણ થયું હતું. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, "અમારી કાર્યવાહી સંપૂર્ણપણે સ્વ-બચાવમાં હતી, ન તો ઉશ્કેરણીજનક કે ન તો વિસ્તરણવાદી. છતાં ૧૦ મેના રોજ સવારે ૧:૩૦ વાગ્યે પાકિસ્તાને મિસાઈલો, ડ્રોન, રોકેટ અને અન્ય લાંબા અંતરના શસ્ત્રોનો ઉપયોગ કરીને ભારત પર મોટો હુમલો કર્યો." તેમણે કહ્યું, "જી-૪૦૦, આકાશ મિસાઈલ સિસ્ટમ, હવાઈ સંરક્ષણ બંદૂકો ખૂબ જ ઉપયોગી સાબિત થઈ અને પાકિસ્તાનના આ હુમલાને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યો. આપણી સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય હતી."

યુપીના બારાબંકીના અવસનેશ્વર મહાદેવ મંદિરમાં ભાગદોડ થતાં ૨ લોકોના મોત

બારાબંકી,તા.૨૮

યુપીના બારાબંકીથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે પૌરાણિક અવસનેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન દરમિયાન વીજળીનો વાયર તૂટીને પડી ગયો, જેના કારણે કરંટ ટીન શેડમાંથી પસાર થયો. કરંટના કારણે નાસભાગ મચી ગઈ અને અકસ્માતમાં ૨ લોકોના મોત થયા અને લગભગ ૨૯ લોકો ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, વાંદરાઓએ ટીન શેડ પર વીજળીનો વાયર ફેંકી દીધો છે. બારાબંકી જિલ્લાના હૈદરગઢ વિસ્તારમાં આવેલા પૌરાણિક અવસનેશ્વર મહાદેવ મંદિરમાં રવિવારે રાત્રે એક મોટો અકસ્માત થયો હતો. શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે, જલાભિષેક માટે ભેગા થયેલા ભક્તોની વિશાળ ભીડ વચ્ચે રાત્રે ૧૨ વાગ્યા પછી જલાભિષેક શરૂ થયો હતો. દરમિયાન, લગભગ ૨ વાગ્યાની આસપાસ, મંદિર પરિસરમાં અચાનક વીજકરંટ ફેલાઈ ગયો, જેના કારણે ભાગદોડ મચી



ગઈ. વાંદરાઓએ ટીન શેડ પર કૂદકા મારવાથી વીજકરંટ ફેલાઈ ગયો. ઘટના દરમિયાન, ભક્તોમાં અરાજકતા ફેલાઈ ગઈ. લોકો ચીસો પાડીને આમતેમ દોડવા લાગ્યા. અકસ્માતમાં બે ભક્તોના મોત થયા છે, જ્યારે ૨૯ લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. સુરક્ષા માટે મંદિર પરિસરમાં પહેલાથી જ પોલીસ બંદોબસ્ત હતો, પરંતુ અકસ્માતની માહિતી મળતા જ ભારે પોલીસ બંદોબસ્ત સ્થળ પર તૈનાત કરવામાં આવ્યો હતો. તમામ ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા હૈદરગઢ અને ત્રિવેદીગંજ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર મોકલવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ગંભીર ઘાયલોને જિલ્લા હોસ્પિટલ બારાબંકીમાં રિફર કરવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા જ જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક ત્રિપાઠી અને પોલીસ અધિક્ષક અર્પિત વિજયવર્ગીય સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.





સીએમ યોગીએ યુપીમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી પદ પર રહેવાનો રેકોર્ડ બનાવ્યો

લખનૌ,તા.૨૮

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક નવો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. તેઓ રાજ્યના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી પદ પર રહેનારા પ્રથમ નેતા બન્યા છે. આ કિસ્સામાં, તેમણે રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી પંડિત ગોવિંદ વલ્લભ પંતનો રેકોર્ડ તોડ્યો છે. યોગી આદિત્યનાથે અત્યાર સુધીમાં ૮ વર્ષ અને ૧૩૨ દિવસનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે, જ્યારે પંડિત ગોવિંદ વલ્લભ પંતનો કુલ કાર્યકાળ (સ્વતંત્રતા પહેલા સહિત) ૮ વર્ષ અને ૧૨૭ દિવસનો હતો. યોગી આદિત્યનાથે ૧૯ માર્ચ ૨૦૧૭ ના રોજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમના નેતૃત્વમાં, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં પણ બહુમતી મેળવી હતી, ત્યારબાદ તેઓ સતત બીજી વખત મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ સંપૂર્ણ કાર્યકાળ માટે સતત આ પદ સંભાળનારા પ્રથમ મુખ્યમંત્રી છે. ઉત્તર પ્રદેશના ૨૨મા મુખ્યમંત્રી તરીકે, યોગી આદિત્યનાથ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અને પ્રભાવશાળી નેતા છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
મંગળવાર, તા.૨૯-૦૭-૨૦૨૫

સાવરકુંડલા નગરપાલિકા સામે અનોખો વિરોધ

ભાજપના પૂર્વ સદસ્યના પતિએ ભીખ માંગી માર્ગના ખાડા પૂર્યા

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા શહેરના સ્ટેશન રોડ પર તાજેતરમાં બનાવેલા આર.સી.સી. માર્ગમાં મોટા ખાડાઓ સર્જાતા વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક દુકાનદારો અને નાગરિકોએ વારંવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ પગલાં ન લેવાતા, આખરે નારાજ નાગરિકોએ જાતે જ કાર્ય કરવાનું નક્કી કર્યું. ભાજપના પૂર્વ નગરસદસ્યના પતિ જગદીશભાઈ ડાભી ઠાકોરે પાલિકા પર બેદરકારીનો આક્ષેપ લગાવતા દુકાનદારો અને રાહદારીઓ પાસેથી રૂપિયા એકત્ર કરીને પોતે જ ખાડાઓ પૂરવાનું શરૂ કર્યું હતું. તેમણે સિમેન્ટ, રેતી, કાંકરી સહિતનો સામાન ખરીદી


તસવીર : સૌરભ દોશી

કારીગરો અને મજૂરોની મદદથી રસ્તાની મરામત હાથ ધરી હતી. જગદીશભાઈના આ અનોખા વિરોધથી શહેરમાં ચર્ચાનો માહોલ ઉભો થયો છે. ભાજપ શાસિત પાલિકા સામે ભાજપના જ આગેવાને આપેલો આ ખુલ્લો વિરોધ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક નાગરિકોના કહેવા અનુસાર, અમે છેલ્લા એક માસથી રજૂઆતો કરી રહ્યા છીએ, પણ કોઈ સાંભળવા તૈયાર નથી. આવી સ્થિતિમાં આપણાં ટેક્સના પૈસા ક્યાં જાય છે એ પ્રશ્ન ઊભો થાય છે. હવે જોવાનું એ રહે છે કે પાલિકા તંત્ર આ પગલાં બાદ જાગૃત થાય છે કે નહીં.

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલીના જિલ્લા પ્રમુખ તરીકે વિજય દેસાઈની નિમણૂક

અમરેલી,તા.૨૮

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૨૬-૨૭ જુલાઈએ રાજકોટમાં યોજાયેલી પ્રાંત બેઠકમાં અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદની સમિતિમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર સંગઠનની કાર્યક્ષમતા અને ઘનિષ્ઠ જોડાણને વધુ મજબૂત બનાવવા માટે કરવામાં આવ્યો છે. નવા જિલ્લા અધ્યક્ષ તરીકે ધર્મનિષ્ઠ,



સંગઠનપ્રેમી અને જનસંપર્કમાં નિપુણ એવા વિજયભાઈ દેસાઈ- ચિતલવાળાની નિમણૂક કરવામાં આવી છે. રશ્મિનભાઈ ત્રિવેદી ભાવનગર વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ તરીકે કાર્યરત રહેશે. જિલ્લા મંત્રી તરીકે ઈતેશભાઈ મહેતા, સહ મંત્રી તરીકે પ્રકાશભાઈ શુક્લ અને યુવરાજસિંહ પળવાર, બજરંગ દળ સહ સંયોજક તરીકે કરણભાઈ વાજા તેમજ સીમાબેન શુક્લ સહ સંયોજિકા તરીકે જવાબદારી સંભાળશે.

કૌશિક વેકરીયાની ગુજરાત સ્ટેટ કો-ઓપ. હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનમાં ડિરેક્ટર તરીકે નિમણૂક

અમરેલી,તા.૨૮

ગુજરાતના પ્રતિષ્ઠિત ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની ગુજરાત સ્ટેટ કો-ઓપ. હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનમાં ડિરેક્ટર પદે નિમણૂક થતાં પ્રસન્નતા વ્યાપી છે. તેમની કામગીરી, નિષ્ઠા અને જનસેવાના ભાવને માન્યતા રૂપે આ મહત્વની જવાબદારી આપવામાં આવી છે. તેમની



નિમણૂકથી સમગ્ર વિસ્તારમાં ખુશીની લાગણી પ્રસરી છે અને સામાજીક અને રાજકીય લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

મીઠાપુર-નક્કી ગ્રામ પંચાયત સમરસ થતા ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા ૫ લાખની ગ્રાન્ટની જાહેરાત

ધારી,તા.૨૮

ધારી તાલુકાના મીઠાપુર-નક્કી ગામે સરપંચની ચૂંટણી બિનહરીફ થતા, ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ગામની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે, ગ્રામ પંચાયત બિનહરીફ થવા બદલ રૂ.૫ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ધારાસભ્ય જે.વી. કાકડીયાએ


તસવીર : સંજય વાળા

ગામના વિકાસના પ્રશ્નો બાબતે ચર્ચા કરી અને પ્રશ્નોના નિકાલ માટેની ખાતરી આપી. ગામની આ એકતા બદલ ધારાસભ્ય દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, ખોડાભાઈ ભુવા, ભુપતભાઈ વાળા, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરા, ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા, જીતુભાઈ જોશી, સુરેશભાઈ ગમારા, ઉમેશભાઈ ધાધલ, પરેશભાઈ પટણી, હર્ષદભાઈ રાવલ, જયેશભાઈ પેથાણી તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

જાફરાબાદના કડીયાળી ગામે તાલુકા કક્ષાનો શાળાકીય રમતોત્સવ યોજાયો

જાફરાબાદ, તા.૨૮

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે એસ.જી.એફઆઈ. દ્વારા તાલુકા કક્ષાના શાળાકીય રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગઈકાલે અંડર ૧૪, અંડર ૧૭, અંડર ૧૯ ભાઈઓ તથા બહેનોની કબડ્ડી તથા વોલીબોલની ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં તાલુકાના બધા જ ગામની હાઈસ્કૂલ, માધ્યમિક સ્કૂલના લગભગ ૨૫૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ કુલ ચાર દિવસ તા.૩૧/૭/૨૦૨૫ સુધી યોજાશે. જેમાં પ્રથમ દિવસે કબડ્ડી-વોલીબોલ, બીજા દિવસે ખો-ખો, ત્રીજા દિવસે બહેનોની એથ્લેટિક્સ અને છેલ્લા દિવસે ભાઈઓની રમતનું આયોજન કરવામાં આવ્યું છે.

વડીયામાં શ્રાવણ માસ દરમિયાન શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

વડીયા,તા.૨૮

વડીયા સુરવો નદીના કિનારે આવેલ શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે પ્રથમ શ્રાવણ માસના સોમવાર નિમિત્તે શિવલિંગ ઉપર અદ્‌ભુત શણગાર સાથે શિવ ભક્તો દ્વારા આજે અહીં બિરાજમાન પૌરાણિક બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવલિંગ પર



દૂધ, બિલીપત્ર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન અહીં મહિલાઓ અને ભક્તો દ્વારા જળાભિષેક સાથે ધૂન, ભજન-કીર્તન કરવામાં આવી રહ્યું છે. અહીંના મહંત વિભુતીનાથબાપુ દ્વારા સેવા પૂજા કરવામાં આવી રહી છે.

શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ-૨૦૨૫ તાલુકા કક્ષા સ્પર્ધામાં ટોપ-શ્રીમાં સ્થાન મેળવ્યું

અમરેલી, તા.૨૮

અમરેલી ખાતે તાલુકા કક્ષા કલા મહાકુંભ ૨૦૨૫નું આયોજન થયેલ. જેમાં તાલુકાની વિવિધ શાળાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના વિદ્યાર્થીઓએ વિવિધ કલાત્મક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ટોપ-૩માં સ્થાન હાંસલ કર્યું છે. જેમાં સોલંકી ઈશા- (નિબંધ) પ્રથમ સ્થાન, કાગડિયા મીનાક્ષી (સુગમસંગીત) તૃતીય સ્થાન, વાઢેર મનાલી, વાઘેલા કિષ્ના, ચાંદુ જયરાજ, વાઘેલા પ્રદીપ, કરંગીયા બંસી, બારૈયા પાયલ, સુતરીયા વિરા (સમૂહગીત) તૃતીય સ્થાન, ખીહડીયા જયપાલ –(તબલા)




તૃતીય સ્થાન, બસન રીતીક્ષા-(એકપાત્ર અભિનય) તૃતીય સ્થાન, રાઠોડ હીનાલબા –(વકતૃત્વ) તૃતીય સ્થાન, શેઠ દક્ષીદા (ચિત્ર)એ તૃતીય સ્થાન મેળવેલ. આ તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા અને કલાત્મકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી કળાની વિવિધ શૈલીઓમાં અભૂતપૂર્વ પ્રદર્શન કર્યું હતું.કલા મહાકુંભમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ તમામ વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ટ દેખાવ બદલ અભિનંદન પાઠવેલ હતા.

ધાતરવડી ડેમ-૨ માં માછલીઓના મોતથી ચકચાર: તંત્ર નિષ્ક્રિય

રાજુલા,તા.૨૮

રાજુલા નજીક ધાતરવડી ડેમ-૨ માં માછલીઓ મૃત હાલતમાં જોવા મળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, રાજુલા બાયપાસ નજીક આવેલા ધાતરવડી ડેમ નં. ૨ માં નાની-મોટી સાઈઝની અસંખ્ય માછલીઓ મૃત હાલતમાં


તસવીર : ગોપાલ રાઠોડ

જળસ્તર ઉપર તરતી જોવા મળતાં સ્થાનિક લોકો અને જીવદયા પ્રેમીઓમાં ભારે ઉચાટ જોવા મળ્યો છે. નોંધનીય છે કે, આ ડેમ સિંચાઈ વિભાગના નિયંત્રણ હેઠળ આવે છે. છતાં, આ ઘટના અંગે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ સત્તાવાર માહિતી કે નિવેદન જાહેર કરાયું નથી. આ ઘટના પાછળનું સાચું કારણ હજુ સુધી બહાર આવી શક્યું નથી, પરંતુ લોકોમાં વિવિધ પ્રકારની અફવાઓ અને શંકાઓ ઉઠી રહી છે. લોકોએ અનુમાન વ્યક્ત કર્યું છે કે શક્યતઃ કોઈ ઝેરી પદાર્થ પાણીમાં નાખવામાં આવ્યો હોય જેથી માછલીઓ એક સાથે મરી ગઈ હોય.

સ્વામિનારાયણ મુખ્ય મંદિર, અમરેલી ખાતે હિંડોળા દર્શનનો ભવ્ય પ્રારંભ

અમરેલી,તા.૨૮

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસથી શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, પાણી દરવાજા, અમરેલી દ્વારા ભવ્ય હિંડોળા દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક મહિના સુધી ચાલનારા દિવ્ય ઉત્સવનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ અવસરે અમરેલી મંદિરના કોઠારી સ્વામી શ્રી



ગોપાલમુનિદાસજી સ્વામીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આપણી હિન્દુ સંસ્કૃતિમાં હિંડોળા પર્વનું ખૂબ મહત્વ છે. તેમણે સમસ્ત અમરેલીની જનતાને ખાસ હિંડોળા દર્શન કરવા પધારવા આમંત્રણ પણ પાઠવ્યું હતું. જેમા હિંડોળા દર્શન તારીખઃ ૨૫ જુલાઈ, ૨૦૨૫ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી સવારે ૭:૩૦ થી ૧૧:૦૦ અને બપોરના ૩:૩૦ થી રાત્રિના ૮:૦૦ વાગ્યા સુધી રહેશે. આ હિંડોળા ઉત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે શુકસ્વરૂપદાસજી સ્વામી, અમરેલી મંદિરના કોઠારી ગોપાલમુનિદાસજી સ્વામી તેમજ ભગવાનદાસજી સ્વામી આદિ સંતો, ટ્રસ્ટીઓ, અગ્રણી ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



રાજુલા ના મહે. પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા

જાહેરપ્રસિધ્ધની નોટીસ

દિ.પ.અ.ન. ૬૬/૨૦૨૫

અરજદાર- ગુજ.વિજયભાઈ રતીલાલ ગોરડીયાના વારસો (૧) મીતાબેન વિજયભાઈ ગોરડીયા રહે.વડોદરા (૨)જયકુમાર વિજયભાઈ ગોરડીયા રહે.વડોદરા (૩) માનસી વિજયભાઈ ગોરડીયા રહે.વડોદરા

વિરૂધ્ધ

સામાવાળા- (૧) મુકેશભાઈ રતીલાલ ગોરડીયા રહે.બોરીવલી, મુંબઈ (૨) ગીતાબેન રતીલાલ ગોરડીયા રહે.વલસાડ (૩) રશ્મીબેન રતીલાલ ગોરડીયા રહે.કાંદીવલી, મુંબઈ (૪) સ્વ.કિશોરભાઈ રતીલાલ ગોરડીયા ૧.ભારતીબેન કિશોરભાઈ ગોરડીયા રહે. નાલાસોપારા, થાણે. ૨.પ્રિન્કેશ કિશોરભાઈ ગોરડીયા રહે. નાલાસોપારા, થાણે. ૩.નિરવ કિશોરભાઈ ગોરડીયા રહે. નાલાસોપારા, થાણે. ૪. ડીમ્પલ કિશોરભાઈ ગોરડીયા રહે. નાલાસોપારા, થાણે. ૫.રૂપલબેન કિશોરભાઈ ગોરડીયા રહે. નાલાસોપારા, થાણે.

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે-

મથાણે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામની સીટનં. ૧૫ની સીટીસર્વે નં.૧૬૬૫ જેનું ક્ષેત્રફળ ૧૪૫-૮૬ચો.મી.નુ છે. જે જાફરાબાદ નગરપાલીકામાં ઘરનં.૭૯થી નોંધાયેલી છે.તથા જાફરાબાદ ગામની સીટનં.૧૬ની સીટી સર્વેનં.૩૦૨૮ની જેનું ક્ષેત્રફળ ૧૧૧-૬૪૩૯ચો.મી.નુ આવેલ છે. જે જાફરાબાદ નગરપાલીકામાં ઘરનં. ૧૦થી નોંધાયેલી છે. તેઓ ગુજરનારની મીલકતો તે મીલકત આ અરજવાળી મીલકત આવેલી છે ગુજરનારે પોતાની મીલકતની વ્યવસ્થા કરતુ વીલ સને-૨૦૦૧માં કરીને તે નોંધણી કરેલ છે તે તેમની હૈયાતીમા જ સાક્ષીઓની હાજરીમાં તા.૯-૯-૨૦૦૧ના કરેલુ હતુ અને તે તેઓએ તે જ દિવસે નોંધાવેલુ છે. તેવુ તે ગુજરનારનું વીલ તેમના અવસાનથી જ અમલમાં આવી ગયેલ છે. તે મીલકતનુ વીલનુ પ્રોબેટ મેળવા અરજદારે અરજી કરેલી છે.જે બાબતે કોઈને વાંધો તકરાર હોય તેઓ જાતે અથવા તેમના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરૂરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારૂ હાજર રહેવા જણાવવામાં આવે છે અત્રે કોઈ વાંધો તકરાર રજુ નહી થાય તો આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.વાંધા તકરારની જાણ જાહેર પ્રસિધ્ધિ થયાથી દિન-૩૦માં અત્રેની અદાલત ને કરવી.

આજ તા. ૨૫/૦૭/૨૦૨૫ ના રોજ સહી તથા સિકકા કરવામાં આવે છે.

તૈયાર કરનાર સહી આસી. | કોર્ટનો સિક્કો | તપાસનાર સહી સિનીયર કલાર્ક | અમારા રૂબરૂ સહી રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, રાજુલા

ખાંભાના ભાવરડી ગામનો બનાવ

'જે કોઈને હવા હોય તે ચાલ્યા આવજો' કહી યુવકને ધમકી આપી

બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી

ખાંભા, તા. ૨૮

ખાંભાના ભાવરડી ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ચંપુભાઈ જગુભાઈ પોપટે કિશોરભાઈ ગોવિંદભાઈ રાઠોડ, નાગજીભાઈ ખેતાભાઈ રાઠોડ, વિનુભાઈ દેવશીભાઈ વિંજુડા તથા ધનાભાઈ રામભાઈ કુંઢડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ગામમાં આદેશ દૂધની ડેરીએ દૂધ લેવા ગયા ત્યારે ત્યાં સાહેદ વિપુલભાઈ બચુભાઈ જાની, મધુભાઈ સોમાતભાઈ ફગા તથા હકુભાઈ હમીરભાઈ પોપટ પણ દૂધની ડેરીએ રાહ જોઈને બેઠા હતા. તે દરમ્યાન આરોપી કિશોરભાઈ ગોવિંદભાઈ રાઠોડ ડેરીએ દૂધ લેવા આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે ભુકણ પોપટ જે કોઈને હવા હોય તે ચાલ્યા આવજો તેમ કહી તેમના સમાજ વિશે જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને જાહેરમાં બીભત્સ ભાષામાં ગાળો દેવા લાગ્યો હતો. જે બાદ આરોપીઓએ તેમને તથા સાહેદોને આડેધડ મુંઢમાર માર્યો હતો. સાહેદ વિપુલભાઈ જાનીને પેટમાં પાટુ માર્યું હતું અને પાંચેય આરોપીઓ જતા-જતા તેમને તથા સાહેદોને કહેતા ગયા કે આજે તો તમે બધા બચી ગયા પરંતુ હવે પછી ગામમાં ક્યાંય સામા મળશો તો જાનથી મારી નાખીશું તેવી મારી નાખવાની ધમકી આપી હતી. જે પછી કિશોરભાઈ ગોવાભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) એ મધુભાઈ સોમાતભાઈ ફગા, જગુભાઈ અમરૂભાઈ દેસાઈ, ચંપુભાઈ જગુભાઈ પોપટ, હકુભાઈ હમીરભાઈ પોપટ તથા વીપુલભાઈ બચુભાઈ જાની સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના સાળાએ ચંપુભાઈ પોપટના કાકાના દીકરા સામે ફરિયાદ નોંધાવી હતી. તે અંગેનો રાગદ્વેષ રાખી તેના હાથમાં લાકડાનો ધોકો, લોખંડની પાઈપ લઈ ભાવરડી ગામે મહાકાળી મા'ના મંદિર પાસે ઉભા રાખી માર મારવા લાગ્યા હતા. ઉપરાંત બરણી વડે મારીને નીચે પછાડી શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

તરવડા ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ જુડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી સંસ્થાનું નામ રોશન કર્યું



અમરેલી,તા.૨૮

મકાઉ, ચીનમાં યોજાયેલ એશિયન જુનિયર જુડો સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુલ તરવડાના ભૂતપૂર્વ ખેલાડી રાખોલીયા ક્રિશ અલ્પેશભાઈએ જુનિયર એશિયન કપ ૨૦૨૫ માં -૧૦૦ કિલોગ્રામ વર્ગમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ જીતીને ભારત દેશનું તથા રાજકોટ સંસ્થાન ગુરુકુલ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

લાખાપાદર-બાંભણિયા રોડ પર ખુલ્લી ગટરથી રોગચાળાનો ભય: તાત્કાલિક નિકાલની માંગણી

રોગચાળો ન ફેલાય તે માટે તાત્કાલિક પગલાં ભરવાની રહિશોની માંગ



અમરેલી,તા.૨૯

લાખાપાદરથી બાંભણિયા રોડ તરફ આવેલી ખુલ્લી ગટરને કારણે વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે.

આ ગંદકીના કારણે રોગચાળો ફેલાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે, જેનાથી ગ્રામજનોના સ્વાસ્થ્ય સામે ખતરો ઊભો થયો છે. આ બાબતને ધ્યાનમાં લઈને ગામલોકો સ્વસ્થ રહે અને રોગચાળો ન ફેલાય તે માટે તાત્કાલિક પગલાં ભરવાની માંગણી કરવામાં આવી છે.

મહેશ ગજેરા દ્વારા ગ્રામ પંચાયતના તલાટી મંત્રી, સરપંચ અને સભ્યોને આ બાબતે યોગ્ય નિર્ણય લઈ, વાતચીત કરીને આ સમસ્યાનો ઝડપી નિકાલ કરવા વિનંતી કરવામાં આવી છે.

જાફરાબાદ ખાતે કારગિલ વિજય દિવસ નિમિત્તે મશાલ રેલી દ્વારા શ્રદ્ધાંજલિ

જાફરાબાદ,તા.૨૮



ગિરીરાજ ચોક ખાતે જાફરાબાદ શહેર ભાજપ તથા માનવ સેવા મંડળ દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કારગિલના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને કારગિલ વિજય દિવસની ઉજવણી કરાઈ હતી. માનવ સેવા મંડળ છેલ્લા ૨૫ વર્ષથી આ દિવસની ઉજવણી કરી રહ્યું છે. ભારતીય ફોજમાં જોડાયેલા જાફરાબાદના બે જવાનો, ગૌતમભાઈ ચૌહાણ અને બાબુભાઈ બાંભણીયાના પિતાઓનું શાલ ઓઢાડી અને હાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ "ભારત માતા કી જય" ના નારા સાથે મશાલ પ્રગટાવી અને તિરંગા ઝંડા સાથે ગિરીરાજ ચોકથી બંદર ચોક સુધી મશાલ રેલી યોજી હતી. અંતમાં, શહીદ થયેલા વીર જવાનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ તકે માનવ સેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચુડાસમા, શહેર ભાજપ પ્રમુખ સંદીપભાઈ શિયાળ સહિત વિવિધ આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

બગસરા ખાતે અતુલ કાનાણીની હાજરીમાં મન કી બાત કાર્યક્રમ યોજાયો

બગસરા,તા.૨૮

બગસરામાં મનોજભાઈ મહિડાના નિવાસસ્થાને મન કી બાત કાર્યક્રમ સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, જિલ્લા પંચાયતના સદસ્ય ધીરૂભાઈ માયાણી, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા, નગરપાલિકાના પ્રતિનિધિ એ.વી. રીબડીયા, અમરેલી જિલ્લા મહિલા મોરચાના પ્રતિનિધિ પ્રમુખ ગોહિલભાઈ, નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા, તાલુકા પંચાયતના સભ્ય અશ્વિનભાઈ કોરાટ, નગરપાલિકાના સભ્ય કમલેશભાઈ જોશી, મુકેશભાઈ ગોંડલીયા, ચિરાગભાઈ પરમાર, જેસાભાઈ મેર, જયંતીભાઈ મકવાણા, મહેશભાઈ માંડલિયા, પ્રવીણભાઈ બોરડ, ભાવેશભાઈ મસરાણી, રમેશભાઈ ગોહિલ, સુરેન્દ્રભાઈ બસીયા, નીરવભાઈ ગોંડલીયા, મુકેશભાઈ નારીગરા, મૂળજીભાઈ મહિડા, સચિનભાઈ પંડ્યા, રાકેશભાઈ કુંભાર, પ્રવીણભાઈ વાળા, દુધરેજીયા બાપુ, ઢોલરીયાભાઈ, સંજયભાઈ પરમાર, જીતુભાઈ બોરીચા, નંદલાલભાઈ હિંગુ, પાર્ટીના કાર્યકર્તાઓ, નગરપાલિકાના સદસ્ય સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી-કુંકાવાવના ૮ ગામોમાં રૂ.૧.૬૦ કરોડથી વધુના ખર્ચે અદ્યતન પંચાયત ભવનો બનશે

અમરેલી, તા.૨૮



અમરેલી અને કુંકાવાવ તાલુકાના કુલ આઠ ગામો - લાખાપાદર, તોરી (કુંકાવાવ), અને લાપાળિયા, માલવણ, ચાડીયા, સણોસરા, થોરડી, ગોખરવાળા, રાંઢિયા (અમરેલી) - માં અદ્યતન ગ્રામ પંચાયત મકાનો અને તલાટી-કમ-મંત્રી નિવાસસ્થાનોનું નિર્માણ થશે. પ્રત્યેક ગામમાં રૂ.૨૦ લાખથી વધુના ખર્ચે બનનારા આ ભવનો માટે કુલ રૂ.૧.૬૦ કરોડથી વધુનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોથી આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ ગઈ છે અને ટૂંક સમયમાં જ કામગીરી શરૂ થશે. આ નવનિર્મિત પંચાયત ભવનોથી ગામલોકોને આધુનિક સુવિધાઓ અને વધુ સારી સરકારી સેવાઓ ઉપલબ્ધ થશે.

બગસરામાં ૩ ઓગસ્ટે રાજ્યની તમામ ગૌશાળાના સંચાલકોની મિટિંગ યોજાશે

બગસરા,તા.૨૮

બગસરામાં જુના સ્વામિનારાયણ મંદિર દ્વારા રાજ્યની તમામ ગૌશાળા સંચાલકોની એક મિટિંગ ૩ ઓગસ્ટના રોજ યોજાશે, જેની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. સમગ્ર રાજ્યમાં ગાયોને બચાવવા માટે એક અભિયાનના ભાગરૂપે કાર્યક્રમ ઘડવા આ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમગ્ર રાજ્યની ૧૫૦૦ જેટલી ગૌશાળાને નિમંત્રણ મોકલાયું છે. આ ઉપરાંત આ મિટિંગમાં એનિમલ વેલ્ફેર બોર્ડના ચેરમેન દિલીપભાઈ શાહ, ખોડલધામના નરેશભાઈ પટેલ, સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા, સતાધાર ધામના મહંત વિજયબાપુ, સરિતા ગીર સંવર્ધન કેન્દ્રના ધર્મેન્દ્રભાઈ કારાવદરા, ગોપાલભાઈ સુતરીયા, પરેશભાઈ ગોસ્વામી, રાજનભાઈ જાદવ તેમજ મુક્તાનંદ ધામ ચાપરડાના સંતો સહિતના ઉપસ્થિત રહી ગુજરાતમાં લોકોને સારુ સ્વાસ્થ્ય આપવામાં ગાય કઈ રીતે ઉપયોગી થઈ શકે તેની માહિતી આપવામાં આવશે.

અવસાન નોંધ

અમરેલી

સ્વ. મણીબેન નાનજીભાઈ મકવાણાનું તા.૨૮/૦૭/૨૦૨૫ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે ભરતભાઈ નાનજીભાઈ મકવાણાના માતૃશ્રી અને ભારતીબેન ભરતભાઈ મકવાણાના સાસુ, મંત્ર ભરતભાઈ મકવાણા તથા બિન્દા ભરતભાઈ મકવાણાના દાદી થાય છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા. ૩૧/૦૭/૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૭ કલાકે તેમના નિવાસ સ્થળ રાજગોર બ્રાહ્મણવાડી, મુક્તાનંદબાગ, પાઠક સ્કૂલની બાજુમાં, હનુમાનપરા રોડ, અમરેલી રાખેલ છે.

CHANGE OF SURNAME

I Undersing I MANKADA MURTUZA RAFIKBHAI have changed my Surname from MANKADA MURATUZA RAFIKBHAI To MANKADA MURTUZA RAFIKBHAI (New) Now i will be known as MANKADA MURTUZA RAFIKBHAI (new)
Sing : MANKADA MURTUZA RAFIKBHAI
Address: NADIPARA,SHANKARNA MANDIR PASE,BURHANI SOCIETY, AT- BAGASARA, DIST- AMRELI-365440, GUJARAT.

જાહેર નોટિસ

અમરેલીના મહે.બીજા એડી. સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.અમરેલી.રૂમનં.૨૨૧

દિ.પ.અ.નં. ૧૯/૨૦૨૫ મુ.તા. ૦૪/૦૮/૨૦૨૫
અરજદાર:- (૧)જગદીશભાઈ સવજીભાઈ ખોખાણી (૨) પ્રવિણભાઈ સવજીભાઈ ખોખાણી રહે બન્ને. મતીરાળા તા.લાઠી જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ----કોઈનહી---- અરજદારના વકીલ- શ્રી એસ.એ.વિસાણી

આથી આ જાહેર નોટિસથી સૌ કોઈ લાગતા વળગતાને જાણ કરવામાં આવે કે કે, આ કામના અરજદાર ઉપર દર્શાવેલ સરનામે રહે છે. અરજદારો ના સગા પિતા ના મોટાભાઈ ગુજ.બાબુભાઈ ભવાનભાઈ ખોખાણી રહે. મતીરાળા તા.લાઠી જી.અમરેલી, ના જેઓનું તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ પોતાના નીવાસ સ્થાને અવસાન થયેલ છે તેવું અરજદારો જણાવે છે.

અરજદારના સગા પિતા ના મોટાભાઈ ગુજ.બાબુભાઈ ભવાનભાઈ ખોખાણી નીઃસંતાન અવસાન પામેલ છે. તેમના ખાતે અમરેલી જીલ્લા ના લાઠી તાલુકા ના મતીરાળા ગામે જમીન ખાતા નં ૩૧૬ ની રે.સ.નં.૨૦૩ ની હે.૩-૩૯-૯૪ તથા રહેણાક મકાન વાળી મિલ્કત ૫૨ નં. ૧૨૦-૧૧૮ જે આવેલી છે. ગુજ.બાબુભાઈ ભવાનભાઈ ખોખાણી તેમની હયાતીમાં અરજદારોના નામે તા.૦૫/૦૪/૨૦૨૨ના રોજ તેમની હયાતી મા વિલ કરેલ છે. જેથી સીધી લીટીના વારસદાર તરીકે અરજદારો તેમના નામની વીલનું પ્રોબેટ સર્ટી મેળવવા હાલની અરજી કરેલ છે.

અરજદારને વીલનું પ્રોબેટ સર્ટી સર્ટી જરૂર પડેલ છે તે માટે અરજદારે ધ ઈન્ડીયન સકસેશન એકટની કલમ-૩૭૨ અન્વયે વારસાઈ સર્ટી મેળવવાની અરજી કરેલ છે.

જેની સામે જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેણે અત્રેની અદાલત (રૂમ નં. ૨૨૧) માં મુ.તા. ૦૪/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયે સદર કામે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૬ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(તૈયાર કરનાર) સહી. (એલ.કે.ગોહેલ) આસિસ્ટન્ટ
(મુકાબલ કરનાર) સહી. (ડી.સી.ગોલા) શીરસ્તેદાર
હુકમથી સહી. (જે.એ.જોષી) રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, અમરેલી.





મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૫૧/૨૦૨૫ તા.૧૮/૦૭/૨૦૨૫

શ્રી હિતેશભાઈ દ્વારકાદાસ વઘાસીયા
રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢ
.....અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વિછાવડ, તા. વિસાવદર .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી હિતેશભાઈ દ્વારકાદાસ વઘાસીયા રહે. પ્રેમપરા, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના પુત્રી શ્રી દૃષ્ટીબેન હિતેશભાઈ વઘાસીયાનો જન્મ તા.૨૫/૦૩/૨૦૦૫ ના રોજ વિસાવદર તાલુકાના વિછાવડ ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, વિછાવડ, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, વિછાવડ, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૮ મી જુલાઈ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર
કોર્ટનો સિક્કો
હુકમથી સહી. (આઈ.આર.પારગી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/૨જી.નં.૨૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી દેવીબેન ભગવાનભાઈ સોલંકી રે.દામલી હાલ રે. પણાંદર
ગામ- દામલી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, ટી.એમ.ચાવડા રહે.કોડીનાર .....અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કચેરી, દામલી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દામલી ગામના રહીશ શ્રી દેવીબેન ભગવાનભાઈ સોલંકી ના પિતા ભગવાનભાઈ સીદીભાઈ સોલંકીનું મરણ તા. ૦૧/૦૧/૧૯૭૬ ના રોજ કોડીનાર તાલુકાના દામલી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના દામલી ગામના સને.૧૯૭૬ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૮/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૪૮/૨૦૨૫ તા.૧૯/૦૩/૨૦૨૫
અરજદારશ્રીઃ- ૧. ભુત ધનજીભાઈ બાલાભાઈ
રહે.જીરા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, જીરા, તા. સાવરકુંડલા જી. અમરેલી તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભુત અમૃતલાલ ધનજીભાઈનો જન્મ તા.૧૮/૧૦/૧૯૮૮ ના રોજ મુ.જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.


આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

રાજુલાના આગરીયા જકાતનાકા રોડ પાસે નાળાના રિપેરીંગ માટે ધારાસભ્યને રજૂઆત

રાજુલા,તા.૨૮



રાજુલાના જુની માંડરડી સેવા સહકારી મંડળી અને રાજુલા પિયત સિંચાઈ મંડળના પ્રમુખ રમેશભાઈ વસોયાએ વાવેરા રોડ થી આગરીયા જકાતનાકા રોડ જવા માટે કબ્રસ્તાન પાસે નાળા ઉપરના ગાબડાનું સત્વરે રિપેરીંગ કરવા બાબતે સ્થાનિક ધારસભ્ય હીરાભાઈ સોલંકીને લેખિતમાં રજૂઆત કરી છે. આ અંગે તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, વાવેરા રોડ થી આગરીયા જકાતનાકા બાયપાસ જવા માટે કબ્રસ્તાનવાળો રોડ વાહનચાલકો માટે ખુબ જ ઉપયોગી છે. જેમાં અલગ અલગ ગામોનાં ખેડૂતો, અન્ય વાહનચાલકો રાજુલા સીટીમાં જવું ન પડે તે માટે આ રોડનો બાયપાસ જવા માટે વધારે ઉપયોગ કરતા હોય છે. આ રોડ ઉપર કબ્રસ્તાન પાસે આવેલ નેરડીનાં નાળામાં ઉપર મોટું ગાબડું પડી ગયેલ છે. અને લોખંડનાં સળીયા બહાર આવી ગયેલ છે. તેમજ ધાતરવડી-૨ ડેમ ભરેલ હોય, જેનું પાણી આ નાળા નીચે આશરે સાત થી આઠ ફુટ જેટલું ભરેલું રહે છે.

વાહનોની અવર-જવરનાં કારણે કોઈ અકસ્માત ન થાય તે પહેલા આ નાળું રિપેરીંગ કરવું જરૂરી છે. આ પત્રની નકલ પ્રમુખ, માર્કેટ યાર્ડ-રાજુલા, નાયબ કાર્યપાલક ઈજનેર, ધાતરવડી સિંચાઈ યોજના અને ચીફ ઓફિસર, નગરપાલિકા-રાજુલાને પણ મોકલી છે.

ખાંભા પંથકનો ચકચારભર્યો બનાવ

સગીરા પર દુષ્કર્મ આચરી વીડિયો ઉતારી બ્લેકમેલ કરીને જાનથી મારવાની ધમકી આપી

ડેડાણ ગામના ત્રણ નરાધમો સામે ફરિયાદ

ખાંભા, તા. ૨૮

ખાંભા પંથકમાં એક ચકચારભર્યો બનાવ બન્યો હતો. એક સગીરા પર દુષ્કર્મ આચરી તેનો વીડિયો બનાવીને વાયરલ કરવાની ધમકી આપી હતી તેમજ જાનથી મારી નાખીશું તેમ પણ કહ્યું હતું. બનાવ અંગે સગીરાના પિતાએ ડેડાણ ગામે રહેતા મીત પ્રવિણભાઈ ચૌહાણ, અરમાન ઈરફાનભાઈ પડાયા તથા આદીલ રહીમભાઈ કચરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સગીરાને મીત પ્રવિણભાઈ ચૌહાણે જામકા રોડે કોઈકના ઘરે બોલાવી બળજબરીપૂર્વક તે ઘરની અંદર રૂમમાં તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. ઉપરાંત તેનો કમરથી ઉપરના નિર્વસ્ત્ર ભાગનો વીડિયો તેમના મોબાઈલ ફોનમાં ઉતાર્યો હતો. અરમાન ઈરફાનભાઈ પડાયાએ તે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તેને આદીલ રહીમભાઈ કચરાની વાડીએ લઈ જઈ વાડીની ઝૂંપડીમાં નીચે સુવડાવી તેના પર બળાત્કાર કર્યો હતો અને તે નિર્વસ્ત્ર હતી, તે વખતે અરમાન અને આદીલે વીડિયો ઉતાર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયાના માધ્યમથી વાયરલ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

સા.કુંડલાના જેજાદ ગામેથી પાંચ પત્તાપ્રેમી પકડાયા

રોકડા ૨૫૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલાના જેજાદ ગામેથી પોલીસે પાંચ પત્તાપ્રેમી પકડ્યા હતા. કુલ ૨૫૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેજાદ ગામે પ્રાથમિક શાળા પાસેની શેરીમાંથી નિલેશભાઈ ધનજીભાઈ વાળા, હરેશભાઈ ભુરાભાઈ દેંગડા, જીતુભાઈ બાઘાભાઈ ડાભી, મનીષભાઈ નાજાભાઈ ગોહિલ તથા કિરીટભાઈ જીવાભાઈ દેંગડા હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૨૫૭૦ સાથે ઝડપાયા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એમ. મેર વધુ તપાસ કરી રહ્યા છે.

ચરખામાં નિર્દોષાનંદજી સન્યાસ આશ્રમમાં શ્રાવણ માસમાં પાર્થિવ શિવલિંગ મહાપૂજા

અમરેલી,તા.૨૮



શિવયોગી સંન્યાસી સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ બાબરાના ચરખામાં સન્યાસ આશ્રમ ખાતે શ્રાવણ માસમાં પ્રતિદિન ભગવાન મહાદેવની સર્વશ્રેષ્ઠ ઉપાસના એવી શ્રી પાર્થિવ શિવલિંગ મહાપૂજા કરાવતા હતા. હવે સ્વામીજીનાં શિષ્ય સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ હાલમાં ચાતુર્માસ માટે આશ્રમમાં છે ત્યારે શ્રાવણમાં તેઓ પ્રતિદિન સવારે ૪.૦૦ થી ૭.૦૦ દરમિયાન શાંતિશ્વર મહાદેવનાં સાન્નિધ્યમાં સંપૂર્ણ વેદોક્તવિધિથી શ્રી પાર્થિવ શિવલિંગ મહાપૂજન કરાવી રહ્યા છે. જેના દર્શનનો લાભ લાઈવ-પ્રસારણનાં માધ્યમથી હજારો શિવભક્તો લઈ રહ્યા છે. આ અદ્વિતીય શિવ મહાપૂજાનો લાભ લેવા, પૂજા કરવા માટે સત્સંગ મંડળ-ચરખા ગામ નિમંત્રણ પાઠવે છે. આ પૂજનમાં આશ્રમની મર્યાદા પ્રમાણે માત્ર ભાઈઓ જ આવી શકે છે. બહેનો-દીકરીઓ-માતાઓએ આશ્રમની યુ-ટ્યુબ ચેનલ ગુરુ સાન્નિધ્ય (Guru Sannidhya)નાં માધ્યમથી પોતાનાં ઘરે જ અથવા સામૂહિક મહિલા મંડળનું આયોજન કરીને આ પૂજા કરવાનો લાભ લેવો. પૂજા માટે આવનાર ભક્તોએ સ્નાન કરીને, ધોયેલા વસ્ત્રો પહેરીને વહેલી સવારે ૩.૪૫ કલાકે આશ્રમમાં ઉપસ્થિત થઈ જવું. વડીલો માટે પણ પૂજામાં બેસવાની વ્યવસ્થા છે.

બાબરા તાલુકામાં પશુ રોગચાળાને લઈ જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળની રજૂઆત

બાબરા,તા.૨૮

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગામડાઓમાં સતત વરસાદને કારણે પશુપાલનમાં રોગચાળો જોવા મળતા, ગામડાના પશુપાલકો તરફથી રજૂઆતો આવી હતી. આ અંગે જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા અમરેલી જિલ્લા પંચાયતના પશુપાલન નિયામક કુંજડીયા તેમજ ચેરપર્સન શારદાબેન મોરને ટેલિફોનિક રજૂઆત કરવામાં આવી હતી. પશુપાલન નિયામક દ્વારા ખાતરી આપવામાં આવી છે કે, જે ગામડાઓમાં રોગચાળો છે તેનો સર્વે કરી ગાંધીનગરથી વેક્સિન તેમજ દવાઓનો જથ્થો મંગાવી ટુંક સમયમાં ગામડાઓમાં આ અંગે સત્વરે કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ ખાતરી મળતા પશુપાલકોએ રાહતનો શ્વાસ લીધો છે. તાત્કાલિક રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવા બદલ પશુપાલકોએ પ્રભાતભાઈનો આભાર વ્યક્ત કર્યો છે.

બગસરા શહેરની સેન્ટ મેરી સ્કૂલમાં બેગલેસ ડે ઉજવાયો

બગસરા,તા.૨૮



બગસરાની સેન્ટ મેરી સ્કૂલમાં બેગલેસ ડેની ઉજવણી નિમિત્તે ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે અને ઈન્ટર સ્કૂલ સ્પીચ કોમ્પિટિશનનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું. જેમાં એલકેજી, યુકેજી, નર્સરીના વિદ્યાર્થીઓના ૬૦થી વધુ ગ્રાન્ડ પેરેન્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ વિવિધ અર્થપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. સમગ્ર ઉજવણીમાં જોવા મળ્યું હતું કે બાળકના જીવનમાં અને સમગ્ર પરિવારમાં ગ્રાન્ડ પેરેન્ટ્સ કેવી રીતે મહત્વપૂર્ણ અને ખાસ હોય છે. બેગલેસ ડે ખૂબ જ અર્થપૂર્ણ રીતે ઉજવવામાં આવ્યો હતો.

રાજુલા શહેરમાંથી વેપારીનું બાઈક ચોરાયું

પોલીસ ચોપડે બાઈકની કિંમત ૩.૪૫,૦૦૦ જાહેર થઈ હતી


રાજુલા, તા.૨૮

રાજુલામાંથી વેપારીના બાઈકની ચોરી થઈ હતી. પોલીસ ચોપડે બાઈકની કિંમત ૩.૪૫,૦૦૦ જાહેર થઈ હતી. જુબેરભાઈ રજાકભાઈ બોળાતર (ઉ.વ.૨૯)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આગરીયા રોડ પર આવલા ડિલક્ષ ફેશન નામની દુકાનની સામેના ખાંચામાં બાઈક પાર્ક કરી હતી. જ્યાંથી અજાણ્યો ચોર ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

તેની કિંમત ૪૫,૦૦૦ રૂપિયા જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરા-અમરેલી હાઈવે પર ત્રિપલ અકસ્માતથી ટ્રાફિક જામ

અમરેલી,તા.૨૮



બાબરા-અમરેલી હાઈવે પર મોડી રાત્રે બે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર ત્રિપલ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાવહ હતો કે ટ્રક પલટી ખાઈને આખા રસ્તા પર આડો પડ્યો હતો, જેના કારણે અમરેલી-બાબરા માર્ગ વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયો હતો અને વાહનચાલકો અટવાયા હતા. જોકે, ઈંગોરાળા ગામ પાસેથી વાહનોને હંગામી ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. ટ્રક પલટી મારતા ભીલડી અને ઈંગોરાળા ગામના સ્થાનિકો મદદ માટે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૨૯-૦૭-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૦,
સૂર્યાસ્ત-૦૭:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

દૈનિક રાશિફળ

તા.૨૯-૦૭-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે.

વૃષભ: આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે.

મિથુન: જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે.

કર્ક: આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે અને આજે તમારું મન નવી યોજનાઓમાં વ્યસ્ત રહેશે.

સિંહ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તે સફળ થશે.

તુલા: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો.

વૃશ્ચિક: આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે.

ધન: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે.

મકર: આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ: આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

મીન: વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે.

'આ શું કામ કરો છો' તેમ પૂછતા સારું ન લાગતા ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

વિસળીયા ગામે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

રાજુલા, તા.૨૮

રાજુલાના વિસળીયા ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ભરતભાઈ કરશનભાઈ શિયાળ (ઉ.વ.૪૪)એ ઈશ્વરભાઈ બાબુભાઈ શિયાળ, કાંતિભાઈ આતુભાઈ ભીલ, લાલજીભાઈ ભીમભાઈ બાંભણીયા સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના ભત્રીજાના ઘરે મંડપ રોપવા માટે જતા હતા ત્યારે શિવ મંદિરની બાજુમાં બેઠા પુલ પર ઈશ્વરભાઈ બાબુભાઈ શિયાળ તથા અન્ય લોકો રસ્તામાં પડેલા ખાડા બુરતા હતા. આથી તેમણે 'આ શું કામ કરો છો' તેમ પૂછતાં ઈશ્વરભાઈને સારું નહોતું લાગ્યું અને જમણા હાથની ત્રીજી અને ચોથી આંગળી પર પાવડાનો ઘા માર્યો હતો તેમજ ગાળો બોલી આરોપીઓએ જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ ઈશ્વરભાઈ બાબુભાઈ શિયાળે હરજીભાઈ ભુપતભાઈ શિયાળ, સંજયભાઈ કનુભાઈ શિયાળ, ચેતનભાઈ કનુભાઈ શિયાળ સહિત ૧૨ લોકો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પત્ની વિસળીયા ગ્રામ પંચયાતમાં સરપંચ તરીકે વિજેતા થયા હતા અને તેમના વતી ગામમાં કામો કરતા હતા. જેથી આરોપીઓને સારું નહીં લાગતા તેમને મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપી મોબાઈલ ફોન પછાડી તોડી નાખી જાનથી મારવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના ઈશ્વરીયા ગામેથી કતલખાને લઈ જવાતી ૭ ભેંસ બચાવાઈ

અમરેલી, તા.૨૮

અરમેલીના ઈશ્વરીયા ગામે મોટા બાની વાડી પાસે રોડ પરથી પોલીસે કતલખાને લઈ જવાતી સાત ભેંસોને બચાવી હતી. ભાવનગરના શિહોરમાં રહેતા સલીમભાઈ ઉર્ફે અસ્લમ રજાકભાઈ તરકવાડીયા પોતાના હવાલાવાળા ટ્રકમાં સાત ભેંસોને ખીચોખીચ બાંધીને કોઈપણ પ્રકારના ઘાસચારા કે પાણીની સગવડતા વગર લઈ જતાં ઝડપાયો હતો. પોલીસે કુલ રૂ. ૬,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કથીરવદર ગામની સીમમાંથી દેશી દારૂ બનાવવાનો ૮૦૦ લીટર આથો પકડાયો

ચલાલા, તા.૨૮

ચલાલાના કથીરવદર ગામની સીમમાંથી પોલીસે પીવાનો દેશી દારૂ ૪૫ લીટર, દેશી દારૂ બનાવવાનો ૮૦૦ લીટર આથો, પ્લાસ્ટિકના પાંચ ટાંકા મળી કુલ ૩૧,૫૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે. જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

માસિક ૧૫ ટકાની લાલચમાં એસટી કંડક્ટરને ૨૦ લાખનો ચૂનો લાગ્યો

કંપનીના પાટીયા પાડી ઈસમો ફરાર થઈ ગયા

ચલાલા, તા. ૨૮

અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમની વધુ એક ઘટના બની હતી. પ્રદીપભાઈ નારણભાઈ કાનગડ (ઉ.વ.૩૫)એ એક મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તથા તપાસમાં ખુલે તે ઈસમોએ મેટા ક્વોટસ કંપનીના એજન્ટ મારફતે તેમની કંપનીના પોર્ટફોલીયો મેનેજમેન્ટ સર્વિસ ફંડમાં માસિક ૧૦ થી ૧૫ ટકા ઊંચું વળતર મેળવવાની લાલચ આપી તેમની પાસેથી, રૂ. ૨૦,૦૦,૦૦૦નું રોકાણ કરાવી લીધું હતું. જે બાદ કંપની બંધ કરી દઈ તેમની સાથે ઠગાઈ કરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પીઆઈ જી. આર. વસૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલાની કાણકીયા કોલેજમાં કારગિલ વિજય દિવસ ઉજવાયો

સાવરકુંડલા,તા.૨૮



સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે શનિવારના રોજ 'કારગિલ વિજય દિવસ"ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આશરે ૯૦ દિવસ ચાલેલા યુદ્ધ બાદ ૨૬ જુલાઈ ૧૯૯૯ના રોજ ભારતીય સેનાએ કારગિલ પર પુનઃ કબજો મેળવ્યો હતો. જેની યાદગીરી અને શહીદી વહોરનાર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા અર્થે આ દિવસ મનાવવામાં આવે છે.

આ તકે કોલેજના આચાર્ય ડો. એસ.સી. રવિયાએ પણ આ દિવસ સંદર્ભે ભારતના ઐતિહાસિક વિજયને યાદ કરી અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ વિષય સંદર્ભે એક દસ્તાવેજી વીડિયો પણ દર્શાવ્યો હતો. ત્યારબાદ રાજકોટથી ખાસ આવેલા 'નવયુગ એજ્યુકેશનલ ટ્રસ્ટ'ના સંચાલક ભાવિનભાઈ માંકડ અને સલીમભાઈએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કેવી રીતે કરવી અને વાંચનની કઈ પદ્ધતિથી સફળતા મળી શકે વગેરે અનેક બાબતો ઉદાહરણ સહિત દર્શાવીને વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

તંત્રી લેખ

ચેટ જીપીટીની નકારાત્મક અસરો

આજના યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. તેમાં પણ ચેટ જીપીટી જેવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ટૂલ્સે માહિતી અને સંચારના ક્ષેત્રમાં ક્રાંતિ લાવી છે. પરંતુ, આના અતિ ઉપયોગથી, ખાસ કરીને કિશોરોના માનસિક વિકાસ પર ગંભીર નકારાત્મક અસરો પડી રહી છે. ચેટ જીપીટી એટલે શું? એ જાણવું જરૂરી છે. ચેટ જીપીટી એ ઓપન આઈ કંપની દ્વારા વિકસિત કરવામાં આવેલ એક AI-આધારિત ચેટબૉટ છે, જે માનવ જેવી વાતચીત કરી શકે છે. તે ૨૦૨૨માં લોન્ચ થયું હતું અને ટૂંક સમયમાં જ વિશ્વભરમાં પ્રખ્યાત બની ગયું. આ AI ટૂલ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વ્યવસાયીઓ અને સામાન્ય લોકો માટે ઉપયોગી છે, કારણ કે તે કોઈપણ પ્રશ્નનો ઝડપથી જવાબ આપી શકે છે. આ ટેકનોલોજીના અનેક ફાયદા છે તેનાથી ઝડપી માહિતી મળે છે. ગૃહકાર્ય અને પ્રોજેક્ટમાં મદદ મળે છે. ભાષા શીખવા અને સુધારવામાં ઉપયોગી ટુલ છે. તેનાથી વ્યવસાયિક કાર્યોમાં સમયની બચત થાય છે. પરંતુ આ ટેકનોલોજીથી કિશોરો પર નકારાત્મક અસરો પણ થાય છે. જોકે ચેટ જીપીટી ઘણા ફાયદા આપે છે, પરંતુ તેના અનિયંત્રિત ઉપયોગથી, ખાસ કરીને કિશોરોના માનસિક વિકાસ પર ગંભીર પરિણામો જોવા મળે છે: વિચારશક્તિમાં ઘટાડો તેનો સૌથી મોટો ગેરફાયદો છે. કોઈપણ ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે માનવીના મનને અસર કરે છે. દાખલા તરીકે કેલ્ક્યુલેટર આવ્યું પછી માનવીના મનની ગણવાની ક્ષમતા ઘટી ગઈ છે. એક સમયે કોઈપણ મોટી રકમના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર ગણતરીની સેકન્ડમાં માણસો કરી શકતા હતા પરંતુ જ્યારથી કેલ્ક્યુલેટર હાથમાં આવ્યું ત્યારથી માનવીનું મન આ કેલ્ક્યુલેટર આધારિત બની ગયું. આવી જ રીતે એઆઈ ટુ લાઈવ પછી માનવીની વિચારવાની, લખવાની અને બોલવાની ક્ષમતા ઘટી છે. જ્યારે માનવી ટાઈપ રાઈટર પર ટાઈપ કરતો, કોમ્પ્યુટર ઉપર ટાઈપિંગ કામ થતું પરંતુ જ્યારથી વોઈસ ટાઈપિંગ આવ્યું ત્યારથી માનવીની ટાઈપીંગની સ્પીડ ઘટી ગઈ છે આજે તે ટાઈપ કરવું માનવીને ગમતું નથી. આના કારણે માનવીની ક્ષમતા ઘટતી જાય છે. ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ માનવીના મન પર નકારાત્મક રીતે થાય છે ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓના મનની જે શક્તિઓ મહેનત કરવાથી વિકસતી હતી તે શક્તિ આજની તારીખે ઘટતી જાય છે. ચેટ જીપીટીનો વધુ પડતો ઉપયોગ કરનાર વિદ્યાર્થીઓ પોતાના મગજનો ઉપયોગ ઓછો કરી દે છે. તેઓ સમસ્યાઓનો ઉકેલ શોધવાને બદલે AI પર નિર્ભર બની જાય છે, જેથી તેમની વિચારશક્તિ અને સર્જનાત્મકતા ઘટે છે. આ ઉપરાંત શીખવાની લાગણીમાં ઘટાડો નોંધાયો છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ પ્રયત્ન કરીને જ્ઞાન મેળવે છે, પરંતુ AI ટૂલ્સની સહાયથી તેઓ જવાબો સરળતાથી મેળવી લે છે. આથી તેમનામાં શીખવાની જિજ્ઞાસા અને ધીરજ ઓછી થાય છે. વિદ્યાર્થીની બીજી મોટી આડઅસર સામાજિક ક્ષેત્રે થાય છે. સામાજિક કુશળતાનો અભાવ વધતો જાય છે. ચેટબોટ સાથે વાતચીત કરવી સરળ છે, પરંતુ વાસ્તવિક જીવનમાં માનવીય સંબંધો જાળવવા માટે સામાજિક કુશળતા જરૂરી છે. AI પર વધુ નિર્ભરતા યુવાનોને એકાંતવાસી અને અસામાજિક બનાવી શકે છે. એ આઈ ટૂલ્સ ઝડપી જવાબો આપે છે, પરંતુ તે જ્ઞાનને યાદ રાખવા અને સમજવાની પ્રક્રિયાને ઓછી કરી દે છે. પરિણામે, વિદ્યાર્થીઓમાં સહજ જ્ઞાનની ખામી રહે છે. ચેટ જીપીટી જેવી ટેકનોલોજી એક શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો સમજદારીથી ઉપયોગ કરવો જોઈએ.

દરિયાના પેટાળમાં હાઇ સ્પીડ કનેક્ટિવિટી કેબલ નેટવર્ક રાષ્ટ્રને વિકસિત બનાવશે

તમે જ્યારે ઈન્ટરનેટ વાપરો છો, વીડિયો જુઓ છો, કે કોઈને ફોન કરો છો, ત્યારે આ બધો ડેટા કેબલ દ્વારા જ મોકલાય છે. આ ડેટાનો હાઈવે છે. જેમ આપણે રોડ પર ગાડીઓ દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈએ છીએ, તેમ આ સબમરીન કેબલ ડેટા માટેનો હાઈવે છે. તે એક ખંડ (કોન્ટિનેન્ટ) થી બીજા ખંડ સુધી ડેટાને ખૂબ જ ઝડપથી લઈ જાય છે. મુખ્યત્વે ઈન્ટરનેટ, ફોન કોલ્સ, ટીવી સિગ્નલ અને અન્ય ડિજિટલ માહિતીને દેશો અને ખંડો વચ્ચે મોકલવા માટે તેનો ઉપયોગ થાય છે. કેવી રીતે કામ કરે છે? તે જાણવું જરૂરી છે. આ કેબલની અંદર પાતળા કાચના તાર હોય છે જેને ઓપ્ટિકલ ફાઈબર કહેવાય છે. આ ઓપ્ટિકલ ફાઈબર દ્વારા ડેટા પ્રકાશના કિરણોના રૂપમાં ખૂબ જ ઝડપથી મુસાફરી કરે છે. સોશ્યલ મીડિયા જાયન્ટ મેટાએ દરિયાની અંદર ૫૦,૦૦૦ કિ.મી. લાંબી કેબલ લાઈન બિછાવવાની તાજેતરમાં જાહેરાત કરી હતી. દરિયાની અંદર વિશ્વની આ સૌથી લાંબી કેબલ લાઈન પાથરી અમેરિકા, ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા તથા અન્ય મુખ્ય વિસ્તારોને જોડી દેવા મેટા યોજના ધરાવે છે. નવી ટેકનોલોજી આર્ટિફિશિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના વિશ્વભરમાં વિકાસને વેગ આપવા આવશ્યક હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પાછળ અબજો ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ અંદાજાયું છે. ડિજિટલ સેવાઓ માટે ભારત એક મોટું બજાર હોવાથી અહીં તેની માગ વધી રહી છે જેને ધ્યાનમાં રાખી ભારતના ડિજિટલ ક્ષેત્રને ટેકો પૂરો પાડવાના હેતુ સાથે આ પ્રોજેકટ લાવવામાં આવી રહ્યો હોવાનો કંપનીનો દાવો રહ્યો છે. આ પ્રોજેકટમાં પોતાના યોગદાન તરીકે ભારત મેન્ટેનન્સ, રિપેર તથા ફાઈનાન્સિંગ પૂરુ પાડવાનો ઈરાદો ધરાવે છે જો કે આ સૂચિત યોગદાન ભારતની દરિયાઈ સીમા પૂરતું જ રહેશે અને કામગીરી વિશ્વસનીય વેન્ડરોને સોંપવામાં આવશે. વિશ્વના અન્ય - દેશોની જેમ ભારત પણ એઆઈ-ડિજિટલ ટેકનોલોજીના વિકાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ડિજિટલ કનેકટિવિટી મહત્વની બની રહે છે, જે પાછળ જંગી ઈન્વેસ્ટમેન્ટની આવશ્યકતા રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની અમેરિકા મુલાકાત સમયે થયેલા કરારમાં એઆઈ તથા શક્તિશાળી કંપનીઓની મદદથી દરિયાના પેટાળમાં કેબલ લાઈન પાથરી દેશમાં વિકાસ થશે. જે સેમીકન્ડકટર ચીપ્સ મહત્વનો હિસ્સો રહ્યો છે. દરિયાના પેટાળમાં વોટરવર્થ પ્રોજેકટ મારફત એઆઈ તથા ઊભરી રહેલી અન્ય ટેકનોલોજીઓના દરેકને લાભ પૂરા પાડવાની પણ યોજના છે. ભારતમાં ડિજિટલ માળખામાં નોંધપાત્ર વિકાસ અને ઈન્વેસ્ટમેન્ટસ આવી રહ્યું છે ત્યારે આ નવા પ્રોજેકટથી ડિજિટલ માળખાના વિકાસ સાથે દેશમાં એઆઈ ટેલેન્ટને ટકાવી રાખવા જરૂરી ઈકોનોમીની દેશની મહત્વકાંક્ષાને ટેકો મળી રહેશે. દરિયાના પેટાળમાં નવા કેબલ એક્ટિવેટ થવા સાથે ભારતની ડેટા પરિવહન ક્ષમતા ચાર ગણી વધી જવા અપેક્ષા છે અને દેશને વિવિધ બજારો સાથે જોડાઈ જવાનું આસાન રહેશે.




વૈશ્વિક સંદેશવ્યવહાર માળખામાં ભારત મહત્વની ભૂમિકા ભજવે છે. કનેકટિવિટી માળખું ભારતના ડિજિટલ અર્થતંત્રને વધુ ઉંડુ બનાવશે. વીસમી સદીમાં કોમ્પ્યુટરના આગમનથી ટેકનોલોજી ક્ષેત્રે જે નવી ક્રાંતિ થઈ હતી તેવી જ ક્રાંતિકારી શોધ એકવીસમી સદીમાં એઆઈના

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

રૂપમાં થઈ છે. વિશ્વભરમાં એઆઈ ટેકનોલોજીને લોન્ચ કરવા અને ઊભરી રહેલી નવી તકને ઝડપી લેવા ટેક કંપનીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધાના ભાગરૂપ મેટાએ પણ વોટરવર્થ પ્રોજેકટની જાહેરાત કરી છે. ટેક કંપનીઓ જેમ કે માઈક્રોસોફ્ટ, મેટા, ગુગલ વગેરે ભારત જેવા વિશાળ બજાર ધરાવતા દેશમાં બજાર હિસ્સો હાંસલ કરવા આ અગાઉથી જ એઆઈ સોલ્યુસન્સ અથવા ટુલ્સ લોન્ચ કરવાની હરિફાઈ કરી રહ્યા છે અને રોજેરોજ નવા લોન્ચિંગની જાહેરાતો જોવા મળી રહી છે. વિશ્વની જાયન્ટ ટેક કંપનીઓ ઉપરાંત સ્ટાર્ટઅપ્સ દ્વારા ભારતમાં બજાર મેળવવા ચાલી રહેલી સ્પર્ધાને જોતા ભારત એઆઈ ટેકનોલોજી ક્ષેત્ર માટે મોટું મથક બની રહેવાની શકયતા ઊભી થઈ છે. દરિયાના પેટાળમાં હાઈ સ્પીડ કનેકટિવિટી AIના વિકાસને ગતિ આપશે. વિવિધ બજારો સાથે જોડાઈ જવાનું આસાન રહેશે. વૈશ્વિક સંદેશવ્યવહાર માળખામાં ભારત મહત્વની ભૂમિકા ભજવે છે. કનેકટિવિટી માળખું ભારતના ડિજિટલ અર્થતંત્રને વધુ વિકસિત બનાવશે. ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાતોની હાજરી, સરકાર દ્વારા પૂરો પડાતો ટેકો તથા વિવિધ ક્ષેત્રો દ્વારા એઆઈ સંચાલિત સોલ્યુશન્સ માટે વધી રહેલી માગને કારણે ટેક કંપનીઓ વચ્ચે સ્પર્ધા જોવા મળી રહી છે. ટેકનોલોજીના અનેક લાભો છે ત્યારે તેના ઘણા પડકારો પણ રહેલા હોવાના મત પ્રવર્તી રહ્યા છે. ભારત જેવા વિકાસશીલ દેશે એઆઈના વિકાસની સાથોસાથ રહેલા પડકારોને ઓળખી લેવાની જરૂર છે. એકતરફ ટેક કંપનીઓ ઘરઆંગણે જંગી ઈન્વેસ્ટમેન્ટ કરી રહી છે ત્યારે યોગ્ય તકોના અભાવને પરિણામે ભારતની યુવા ટેલેન્ટ વિકસિત દેશો તરફ વળી રહી હોવાથી અહીં સ્કિલ્ડ કર્મચારીઓ મેળવવાનું પડકારરૂપ બની શકે છે. તે ઉપલબ્ધ બનાવવામાં આવે તે જરૂરી છે. આના કારણે પૂરતી માત્રામાં રોજગારીની તકો ઊભી થશે. આ ઉપરાંત એઆઈ સિસ્ટમ્સ માટે જરૂરી માળખા જેમ કે ઈન્ટરનેટ, શક્તિશાળી કોમ્પ્યુટર સોફ્ટવેર તથા હાર્ડવેરની આવશ્યકતા રહે છે જેમાં ભારત હજુ મર્યાદા ધરાવે છે. ભારત હજુ પણ વિકાસશીલ દેશ છે અને તેની પચાસ ટકા જેટલી વસતિ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે, ત્યારે અહીંના લોકોમાં એઆઈ ટેકનોલોજીને પ્રચલિત બનાવવાનું કંપનીઓ માટે સરળ નથી. ગ્રામ્ય વિસ્તારની પ્રજા પાસે સાધનોની મર્યાદા તેમને એઆઈ સુધી પહોંચતા કઈ રીતે કરશે તે પણ જોવાનું રહેશે. વીસમી સદીમાં કોમ્પ્યુટરના આગમનથી ટેક્નોલોજી ક્ષેત્રે જે નવી ક્રાંતિ થઈ હતી તેવી જ ક્રાંતિકારી શોધ એકવીસમી સદીમાં એઆઈના રૂપમાં થઈ છે. વિશ્વભરમાં એઆઈ ટેકનોલોજીને લોન્ચ કરવા અને ઊભરી રહેલી નવી તકને ઝડપી લેવા ટેક કંપનીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધાના ભાગરૂપ મેટાએ પણ વોટરવર્થ પ્રોજેકટની જાહેરાત કરી છે. ટેક કંપનીઓ જેમ કે માઈક્રોસોફ્ટ, મેટા, ગુગલ વગેરે ભારત જેવા વિશાળ બજાર ધરાવતા દેશમાં બજાર હિસ્સો હાંસલ કરવા આ અગાઉથી જ એઆઈ સોલ્યુસન્સ અથવા ટુલ્સ લોન્ચ કરવાની હરિફાઈ કરી રહ્યા છે અને રોજેરોજ નવા લોન્ચિંગની નળી જાહેરાતો જોવા મળી રહી છે. વિશ્વની જાયન્ટ ટેક કંપનીઓ ઉપરાંત સ્ટાર્ટઅપ્સ દ્વારા ભારતમાં બજાર મેળવવા ચાલી રહેલી સ્પર્ધાને જોતા ભારત એઆઈ ટેકનોલોજી ક્ષેત્ર માટે મોટું મથક બની રહેવાની શક્યતા ઊભી થઈ છે. ટેકનોલોજી કંપનીઓ માટે ભારત એક મોટું બજાર હોવાથી તેઓ અહી જંગી રોકાણ કરી પોતાની હાજરી વધારી રહી છે, જેનું તાજુ જ ઉદાહરણ મેટા દ્વારા પેટાળમાં બિછાવાનારી હાઈ સ્પીડ કેબલ લાઈન છે. પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે કે એઆઈ સોલ્યુશન્સ વિકસાવવા જંગી માત્રામાં વિશ્વસનીય ડેટાની આવશ્યકતા રહે છે. કેટલાક ક્ષેત્રોમાં ડેટા અપૂરતા અથવા તો આધારભૂત હોતા નથી, જેને કારણે એઆઈ સિસ્ટમ્સનો ઉપયોગ કરવાનું જોખમરૂપ સાબિત થઈ શકે છે અને એઆઈની કામગીરી પણ મર્યાદિત બની રહેવા સંભવ છે. એઆઈ આપણા જીવનના દરેક પાસામાં ક્રાંતિ કરી રહ્યું છે. આ નવી ટેકનોલોજી ઊભી કરવામાં મેટા અગ્રસ્તરે છે. વિશ્વભરમાં એઆઈ ઉદ્યોગો તથા સેવા ક્ષેત્રમાં પરિવર્તન લાવી રહ્યું છે ત્યારે મુખ્ય માળખાને ટેકો પૂરો પાડવા ક્ષમતા, સ્થિતિસ્થાપકતા અને વૈશ્વિક જોડાણ અગાઉ કરતા હાલમાં વધુ મહત્વના બની ગયા છે. વોટરવર્થ પ્રોજેકટ મારફત એઆઈના લાભ ભારતના દરેક ક્ષેત્રને મળી રહેવાની અપેક્ષા છે ત્યારે આ પ્રોજેક્ટ જે વાજતેગાજતે જાહેર કરાયો છે તેટલી જ ઝડપથી કાર્યરત થાય તે જરૂરી છે.

શબ્દ સંજોગ-૨૦૪૩



આડી ચાવી :
(૧) કાશ્મીરમાં ઠંડીમાં ગળામાં રાખવાની એક સગડી (૩)
(૩) વર્ણવવું કે વર્ણવેલું તે, બયાન (૩)
(૬) દહીં વલોવવાથી નીકળતું સત્વ, નવનીત (૩)
(૮) જૂના જમાનાનાં એક જાણીતા ગાયક ..... મહેમૂદ (૩)
(૧૦) ઉમાના પિતા (૨)
(૧૨) પેટે,સાટે (૩)
(૧૪) રસાલો, સરસામાન (૪)
(૧૬) મોટા સમુદાયનો એક ભાગ (૨)
(૧૮) મૃત પતિ સાથે ચિતામાં બળનારી સ્ત્રી (૨)
(૧૯) શુકલ પક્ષ (૨)
(૨૦) રમી રહેલું, આનંદ માનતું, લીન (૪)
(૨૨) અંગ્રેજી રાજયમાં અપાતો એક ઈલકાબ (૨)
(૨૩) કર્મનિષ્ક, કર્મકુશળ (૩)
(૨૪) સમુદ્રમંથન કરતા નીકળેલા પાંચ દેવવૃક્ષોમાંનું એક, તેનું ફૂલ (૪)
(૨૫) ફાકવું તે, ફાકેલું તે, બુકડો (૨)
(૨૭) મોટું વિશાળ (૩)
(૨૮) અડચણ, નડતર (૪)

ઊભી ચાવી :
(૧) ગંગાજળ (૪)
(૨) લાગુ અટક ધરાવતી એક અભિનેત્રી (૨)
(૩) વેપાર, ધંધો (૩)
(૪) નમેલું (૨)
(૫) હથેળીના અંગૂઠાના ટેરવાથી તે ટચલી આંગળીના ટેરવા સુધીનું લાંબામાં લાંબુ અંતર (૨)
(૭) છીણીને કરેલો છૂંદો (૩)
(૯) ધારેલું નિશાન (૨)
(૧૧) સહન કરી શકે એવું (૨)
(૧૩) સત્તાવીસમું નક્ષત્ર (૩)
(૧૫) ઠઠારો, ભપકો, શોભા (૪)
(૧૭) ટોળું (૨)
(૧૯) ગુજરાતનું એક શહેર (૩)
(૨૦) દાગીનો, ઘરેણું (૩)
(૨૧) છૂપી વાત, ભેદ, રહસ્ય (૨)
(૨૪) તૈયાર કરેલો માલ (૨)
(૨૫) પેટનો ઝૂલતો ભાગ, દુંદ (૨)
(૨૬) મરણ પામેલું (૨)

શબ્દ સંજોગ-૨૦૪૨ જવાબ

આડી ચાવી: (૧) જિવાળી (૩) કળશ (૬) ગન (૭) ઢીલ (૮) નિકલ (૧૦) રખે (૧૧) મમતા (૧૩) ડેરો (૧૫) ખોટ (૧૮) મિથ્યા (૧૯) કોમ (૨૧) સાથિયો (૨૩) દબર (૨૬) અનિલ (૨૭) વકરો (૨૮) ખોયું (૩૦) ચક્ર (૩૧) દગડ (૩૨) રોજ.

ઊભી ચાવી : (૧) જિગર (૨) વાનખેડે (૩) કલમ (૪) શનિ (૫) શૈલ (૭) ઢીમ (૯) કમખો (૧૨) તાલુકો (૧૪) રોમિયો (૧૬) ટકોર (૧૭) ઘસારો (૨૦) મદનિયું (૨૪) બલ (૨૫) સરોદ (૨૬) અખોડ (૨૭) વક્ર (૨૯) અજ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૩૦૦	૧૬૯૦
ઘઉં લોકવન	૫૨૬	૫૪૮
ઘઉં ટુકડા	૫૨૦	૫૬૭
જુવાર સફેદ	૬૦૦	૭૯૩
જુવાર લાલ	૭૦૦	૮૩૦
જુવાર પીળી	૩૫૦	૪૮૦
બાજરી	૩૧૫	૪૧૫
તુવેર	૧૦૮૫	૧૩૨૯
ચણા પીળા	૯૦૦	૧૨૩૦
ચણા સફેદ	૧૨૫૦	૨૨૫૯
અડદ	૧૧૦૦	૧૪૮૮
મગ	૧૩૧૦	૧૬૧૦
વાલ દેશી	૯૮૭	૧૭૯૯
ચોળી	૧૦૦૦	૧૬૦૦
મઠ	૧૦૦૦	૨૧૦૦
વટાણા	૧૦૧૧	૨૦૧૧
કળથી	૬૫૦	૭૯૦
રાજમા	૯૦૦	૧૪૨૧
સીંગદાણા	૧૩૩૫	૧૪૩૦
મગફળી જાડી	૯૩૧	૧૧૮૦
મગફળી જીણી	૯૨૫	૧૧૬૦
તલી	૧૫૪૦	૧૯૯૯
એરંડા	૧૨૨૦	૧૨૯૫
અજમો	૧૦૧૫	૧૫૬૦
સુવા	૮૨૦	૧૨૦૦
સોયાબીન	૮૦૦	૮૪૭
સીંગફાડા	૯૫૦	૧૩૧૦
કાળા તલ	૨૯૧૦	૩૯૪૫
લસણ	૫૦૦	૧૦૦૦
ધાણા	૧૨૨૦	૧૪૪૬
ધાણી	૧૩૩૫	૧૪૬૫
વરીયાળી	૧૦૦૦	૧૧૫૦
જીરૂ	૩૩૪૪	૩૬૪૪
રાય	૧૨૫૦	૧૫૫૦
મેથી	૮૪૦	૧૨૬૦
ઇસબગુલ	૮૫૧	૮૫૧
રાયડો	૧૧૫૦	૧૨૭૦
રજકાનું બી	૪૬૦૦	૬૦૮૦
ગુવારનું બી	૯૩૦	૯૭૦
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૧૦૦	૪૦૦
પપૈયા	૧૭૦	૨૮૦
બટેટા	૧૮૦	૩૫૧
ડુંગળી સુકી	૧૧૦	૩૨૫
ટમેટા	૬૦૦	૯૦૦
સુરણ	૧૧૦૦	૧૪૦૦
કોથમરી	૨૦૦	૪૦૦
મુળા	૨૫૦	૩૮૦
રીંગણા	૧૨૦	૩૧૦
કોબીજ	૨૦૦	૪૦૦
ફ્લાવર	૪૦૦	૭૫૦
ભીંડો	૩૫૦	૬૦૦
ગુવાર	૮૦૦	૧૨૦૦
ચોળાસીંગ	૩૦૦	૫૫૦
વાલોળ	૧૦૦૦	૧૨૦૦
ટીંડોરા	૩૦૦	૭૦૦
દુધી	૧૦૦	૨૦૦
કારેલા	૨૦૦	૪૦૦
સરગવો	૩૦૦	૧૨૦૦
તુરીયા	૨૨૦	૪૩૦
પરવર	૭૦૦	૧૧૦૦
કાકડી	૨૦૦	૪૦૦
ગાજર	૩૦૦	૬૫૦
કંટોળા	૧૨૦૦	૧૬૦૦
ગલકા	૨૧૦	૩૨૦
બીટ	૩૦૦	૪૫૦
મેથી	૫૦૦	૮૦૦
વાલ	૧૨૦૦	૧૫૦૦
ડુંગળી લીલી	૩૦૦	૪૫૦
આદુ	૬૦૦	૭૫૦
મરચા લીલા	૫૦૦	૭૦૦
મગફળી લીલી	૬૦૦	૧૧૦૦
મકાઇ લીલી	૨૩૦	૪૧૦
અમરેલી		
શિંગ મઠડી	૧૦૧૦	૧૦૫૩
શિંગ મોટી	૯૦૦	૧૦૮૬
શિંગ દાણા	૧૨૪૫	૧૪૧૧
શિંગ ફાડા	૧૧૦૦	૧૩૨૬
તલ સફેદ	૧૦૦૦	૧૯૮૨
તલ કાળા	૨૫૦૦	૪૦૯૦
તલ કાશ્મીરી	૧૧૯૦	૨૨૯૯
બાજરો	૩૬૬	૩૬૬
જુવાર	૪૭૫	૬૮૦
ઘઉં ટુકડા	૩૯૦	૫૩૦
ઘઉં લોકવન	૪૯૫	૫૬૪
મગ	૧૩૫૦	૧૫૧૫
અડદ	૮૦૦	૧૨૦૦
ચણા	૧૦૪૨	૧૨૨૫
સફેદ ચણા	૧૧૫૦	૧૧૭૫
તુવેર	૧૦૮૫	૧૨૯૧
કપાસ	૮૧૩	૧૬૮૬
એરંડા	૧૦૦૦	૧૨૮૪
જીરૂ	૩૨૮૦	૩૨૯૫
ધાણી	૧૧૭૫	૧૪૦૦
મેથી	૮૪૦	૮૯૫
સોયાબીન	૭૭૬	૮૨૮
કાંગ	૪૭૦	૫૭૦
અમરેલી (શાકભાજી)		
બટેટા	૧૮૦	૨૮૦
રીંગણા	૧૦૦	૧૨૦
ફ્લાવર	૬૦૦	૭૨૦
કોબીજ	૪૦૦	૫૦૦
શકકરીયા	૬૫૦	૭૫૦
ટમેટાં	૧૦૦૦	૧૧૦૦
સુરણ	૧૨૦૦	૧૪૦૦
ગાજર	૪૫૦	૫૫૦
દુધી	૧૫૦	૨૦૦
કારેલા	૪૦૦	૫૦૦
ગલકા	૩૨૦	૪૦૦
કાકડી	૩૦૦	૪૦૦
ગુવાર	૧૨૦૦	૧૬૦૦
ચોળા લીલાં	૪૦૦	૫૩૦
તુરીયા	૪૦૦	૫૦૦
ભીંડો	૩૦૦	૪૦૦
આદુ	૭૦૦	૯૫૦
કોથમીર	૬૦૦	૭૦૦
મેથીભાજી	૫૫૦	૭૩૦
ફોદીનો	૭૦૦	૮૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૩૫૦	૪૫૦
લીમડો મીઠો	૧૪૦	૧૬૦
મરચાં લીલાં	૬૦૦	૯૦૦
ડુંગળી લીલી	૩૨૦	૪૦૦
ડુંગળી સુકી	૧૦૦	૩૦૦
લસણ સુકુ	૯૦૦	૧૨૦૦
પાલક	૬૦૦	૭૫૦
લીંબુ	૩૦૦	૪૦૦
મકાઈ	૨૮૦	૫૦૦
ગોંડલ		
કપાસ	૧૧૦૧	૧૬૭૬
ઘઉં લોકવન	૫૨૦	૬૧૬
ઘઉં ટુકડા	૫૩૦	૬૦૮
મગફળી જીણી	૭૦૧	૧૧૦૧
સિંગદાણા જાડા	૧૧૦૦	૧૪૫૧
સિંગ ફાડીયા	૮૦૦	૧૩૦૧
એરંડા / એરંડી	૧૧૯૧	૧૩૦૬
જીરૂ	૨૮૦૧	૩૮૪૧
ક્લંજી	૧૨૦૧	૪૦૬૧
ધાણા	૮૦૧	૧૫૩૬
લસણ સુકું	૫૦૧	૧૦૪૧
ડુંગળી લાલ	૬૧	૨૫૧
અડદ	૧૧૫૧	૧૩૯૧
તુવેર	૧૦૩૬	૧૩૧૧
રાયડો	૯૫૦	૧૨૫૧
રાય	૧૩૪૧	૧૩૪૧
મેથી	૭૬૧	૧૩૩૧
કાંગ	૪૦૧	૫૯૧
મગફળી જાડી	૭૦૦	૧૨૪૬
સફેદ ચણા	૧૧૮૧	૧૯૭૧
મગફળી નવી	૫૫૦	૧૧૫૬
તલ - તલી	૧૦૫૧	૧૯૮૧
ધાણી	૯૦૧	૧૫૧૧
ડુંગળી સફેદ	૧૪૬	૧૯૬
બાજરો	૩૦૧	૪૦૧
જુવાર	૬૬૧	૮૮૧
મકાઇ	૩૦૧	૪૫૧
મગ	૧૦૦૧	૧૬૩૧
ચણા	૧૦૮૬	૧૨૧૧
વાલ	૪૨૧	૧૨૩૧
ચોળા / ચોળી	૭૬૧	૧૩૩૧
સોયાબીન	૬૫૬	૮૩૬
ગોગળી	૫૦૧	૧૦૨૧
વટાણા	૨૪૮૧	૨૪૮૧
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૪૦૦	૧૧૦૦
મરચા	૨૦૦	૧૨૦૦
ગુવાર	૬૦૦	૧૮૦૦
કોબી	૨૦૦	૬૦૦
દુધી	૧૦૦	૩૦૦
ફ્લાવર	૧૮૦	૮૦૦
કાકડી	૮૦	૬૦૦
રીંગણા	૪૦	૪૦૦
ભીંડો	૨૦૦	૭૦૦
ગલકા	૮૦	૪૦૦
ગાજર	૨૮૦	૭૦૦
ટિંડોરા	૪૦૦	૯૦૦
વાલ	૮૦૦	૧૬૦૦
વટાણા	૨૨૦૦	૨૬૦૦
શક્કરીયા	૩૦૦	૫૦૦
બટેટા	૨૦૦	૩૨૦
ડુંગળી પુરા	૧૦	૧૫
તાંજરીયા પુરા	૨	૮
કોથમીર પુરા	૧	૫
મૂળા પુરા	૪	૧૦
ફોદીનો પુરા	૨	૧૦
કાચા કેળા	૩૦૦	૫૦૦
ચુરણ	૧૩૮૦	૧૬૦૦
કંટોલા	૮૦૦	૧૨૦૦
પરવર	૯૦૦	૧૦૦૦
ઘીસોડા	૨૦૦	૫૦૦
લીંબુ	૮૦	૪૦૦
મેથી પુરા	૨	૧૦
બીટ પુરા	૭	૧૫
ચોરા	૧૮૦	૮૦૦
કારેલા	૧૮૦	૬૦૦
વાલોર	૪૦૦	૧૬૦૦
મગફળી લીલી	૬૦૦	૮૪૦
આદુ	૩૮૦	૧૦૦૦
ફણશી	૧૬૦૦	૨૦૦૦
મકાઈ ડોડા	૧૮૦	૪૦૦
લસણ પુરા	૨૫	૩૦
પાલક પુરા	૧	૫
ધારી		
ઘઉં	૫૦૦	૫૦૦
ધાણા	૧૦૦૦	૧૨૫૦
બાજરો	૩૦૦	૩૭૧
સોયાબીન	૬૭૫	૭૯૬
ખાંભા		
મગફળી	૧૦૫૦	૧૧૫૦
ચણા	૧૧૬૦	૧૧૬૦
તલ કાળા	૩૫૫૧	૩૫૫૧
ઘઉં	૪૭૦	૪૮૭
બાજરો	૪૯૦	૪૯૦
શીંગદાણા	૧૧૯૦	૧૪૫૦
જીરૂ	૩૫૫૧	૩૫૫૧
બગસરા		
કપાસ	૧૦૦૦	૧૫૫૫
ઘઉં લોકવન	૩૫૦	૩૫૦
ચણા	૧૦૦૦	૧૧૦૦
તલ સફેદ	૧૧૨૫	૧૮૪૦
સોયાબીન	૮૦૦	૮૦૩
લશણ	૭૫૦	૭૫૦
ધાણા	૧૧૦૦	૧૧૦૦
મેથી	૯૫૦	૯૫૦
શીંગદાણા	૧૩૫૦	૧૩૫૦
તલ કાળા	૧૪૦૦	૨૬૯૦
તુવેર	૧૦૮૦	૧૦૮૦
મગફળી	૮૮૦	૮૮૧
મગ	૧૩૫૦	૧૩૫૦
શીંગફાડા	૧૩૧૫	૧૩૧૫
બાબરા		
કપાસ શંકર	૧૫૧૦	૧૬૫૫
કપાસ મીડીયમ	૧૩૯૦	૧૫૦૦
મગફળી	૧૦૩૦	૧૧૦૦
ઘઉં	૪૭૪	૫૨૬
તલ સફેદ	૧૫૩૦	૧૭૦૦
તલ કાળા	૩૦૨૦	૩૮૯૦
ચણા	૧૦૩૦	૧૧૫૦
સાવરકુંડલા		
શીંગ જીણી	૧૦૦૦	૧૦૫૦
શીંગ મોટી	૧૦૫૦	૧૧૦૦
શીંગ દાણા	૧૪૦૦	૧૪૧૦
તલ સફેદ	૧૪૮૦	૧૯૫૦
તલ કાળા	૩૦૦૦	૪૦૨૮
જીરૂ	૩૪૪૫	૩૫૫૧
કપાસ	૧૪૫૦	૧૬૭૦
ઘઉ લોકવન	૪૪૦	૫૧૨
ઘઉ ટુકડા	૫૦૦	૫૫૨
બાજરો	૩૫૦	૫૧૧
મકાઈ	---	૪૦૦
મગ	૧૧૦૦	૧૩૦૦
અડદ	૮૦૦	૧૦૦૦
ચણા	૧૦૮૫	૧૨૧૦
તુવેર	૧૧૦૦	૧૩૦૦
મેથી	૭૦૦	૮૦૫
ધાણા	૧૦૫૦	૧૩૧૦
સોયાબીન	૭૨૦	૭૮૦
રાજુલા		
શીંગ	૯૦૦	૯૦૦
તલ સફેદ	૧૩૦૦	૧૯૦૦
તલ પીળા	૧૭૦૦	૧૭૦૦
કપાસ	૧૩૫૦	૧૬૦૧
બાજરો	૩૬૦	૫૪૫
ઘઉં ટુકડા	૪૮૪	૫૫૯
જુવાર	૫૨૧	૭૪૫
મકાઈ	૩૨૫	૩૨૫
મગ	૧૪૧૮	૧૪૧૮
અડદ	૧૨૦૦	૧૨૦૦
ચણા	૧૨૦૦	૧૨૧૫
જીરૂ	૩૧૭૬	૩૧૭૬
ચોળી	૧૨૦૦	૧૨૦૦
શીંગદાણા	૧૪૦૦	૧૫૦૧
કોડીનાર		
મગફળી જી-૨૦	૭૦૦	૧૦૬૪
બાજરી હાઈબ્રીડ	૪૦૦	૫૩૪
ઘઉં	૪૫૦	૫૫૬
મેથી	૭૦૦	૯૦૦
જુવાર	૬૦૦	૮૦૬
અડદ	૧૪૦૦	૧૫૦૦
મગ	૧૩૦૦	૧૮૩૪
ચણા	૧૦૫૦	૧૧૮૦
સફેદ તલ	૧૨૮૦	૧૭૦૫
કાળા તલ	૨૬૦૦	૩૯૮૦
સોયાબીન	૮૦૦	૮૫૫
જામનગર		
જુવાર	૫૦૦	૭૦૦
બાજરો	૨૨૫	૪૬૦
ઘઉં	૫૦૦	૫૩૮
મગ	૧૨૦૦	૧૫૯૫
અડદ	૭૦૦	૧૪૨૦
તુવેર	૧૧૦૦	૧૨૩૫
ચોળી	૯૮૦	૧૨૦૦
મેથી	૮૦૦	૧૧૦૦
ચણા	૧૦૫૦	૧૨૧૫
ચણા સફેદ	૧૧૦૦	૧૮૦૫
મગફળી જીણી	૯૦૦	૧૦૬૦
તલ	૧૧૬૦	૧૯૩૦
તલ કાળા	૨૨૦૦	૩૬૬૫
રાયડો	૧૧૦૦	૧૨૪૦
લસણ	૪૨૫	૯૬૫
કપાસ	૧૨૭૦	૧૬૪૦
જીરૂ	૨૫૦૦	૩૫૭૦
અજમો	૧૦૦૦	૨૩૦૦
ધાણા	૭૦૦	૧૪૪૫
ધાણી	૧૧૦૦	૧૪૫૦
ડુંગળી સૂકી	૬૫	૩૧૦
રાજમા	૨૦૦	૪૪૦

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

ધોરાજી નજીક ભાદર નદી પુલ નજીક પિતા-પુત્રીના મૃતદેહ મળતા ચકચાર: હત્યા કે આત્મહત્યા?

પિતા અને પુત્રી એકબીજાને કપડાંથી બાંધેલી હાલતમાં મળી આવ્યા

ધોરાજી,તા.૨૮

ધોરાજી નજીક ભાદર નદી પર આવેલા પુલ પાસે પિતા-પુત્રીના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. મૃતકોમાં ૪૫ વર્ષીય ફૈઝલ ગફાર વિજળીવાળા અને તેની ૬ વર્ષીય પુત્રી ફાતિમાનું નામ ખુલ્યું છે. બંને જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા હતાં અને ગઈકાલે સાંજે આંટો મારવાના બહાને મોટરસાયકલ લઈને ઘરેથી નીકળી ગયા હતા. ભાદર નદીના પુલ પરથી તેમની મોટરસાયકલ પણ મળી આવી છે. પોલીસે જણાવ્યા મુજબ, મૃતક પિતા અને પુત્રી એકબીજાને કપડાંથી બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા, જે ઘટના પર શંકા ઊભી કરે છે. પોલીસે મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. સોમવારે જામકંડોરણા અને ધોરાજી વચ્ચે આવેલ ભાદર નદી પુલ નીચે મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ આત્મહત્યા છે કે કોઈ અન્ય ઘટના તે પોલીસ તંત્ર દ્વારા તપાસ કર્યા બાદ સાચી હકીકત બહાર આવશે.


તસવીર : નયન કુહાડીયા

ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા અમરેલી જિલ્લામાં ખોડલધામ રથ પરિભ્રમણ કરશે

અમરેલી તા. ૨૮

શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ સંચાલિત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે અમરેલી જિલ્લામાં ૪૫ દિવસ સુધી ખોડલધામ રથ પરિભ્રમણ કરશે. આ દરમિયાન ખોડીયાર માતાજીની શોભાયાત્રા અને મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે વડીયા તાલુકાના દેવળકી ગામથી ખોડલધામ રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું જેમાં દેવળકી, બાટવા દેવળી, ઢુંઢીયા પીપળીયા, હનુમાન ખીજડીયા અને રાત્રીની મહા આરતી વડીયા ખાતે કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટિયા , કાળુભાઈ સુહાગીયા, રામભાઈ ગજેરા, પરેશભાઈ કોટડીયા, રાજુભાઈ ગઢીયા, ધર્મેન્દ્રભાઈ પાનસુરીયા, સત્યમભાઈ મકાણી, સંજયભાઈ ડોબરીયા, પિયુષભાઈ વસોયા સહિતના ખોડલધામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ખોડલધામ રથ પરિભ્રમણ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ માતાજીના દર્શન કરી આરતીનો લાભ લીધો હતો. આજે મોરવાડા, ખાન ખીજડીયા, અરજણસુખ, રામપર અને તોરી ખાતે રથનું પરિભ્રમણ થશે તેમ વડીયા તાલુકાના કન્વીનર પરેશભાઈ કોટડીયાની યાદીમાં જણાવ્યું છે.



ઢુંઢિયા પીપળીયા ડબલ મર્ડરમાં સ્પેશિયલ PP ની નિમણૂક માટે કૌશિક વેકરીયાની રાજ્ય સરકારને રજૂઆત

અમરેલી તા.૨૮

કુંકાવાવ તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે ગત ૧૮ જુલાઈના રોજ બનેલી ચકચારી ડબલ મર્ડરની ઘટનામાં પીડિત પરિવારને ઝડપી ન્યાય મળે અને દોષિતોને કડકમાં કડક સજા થાય તે હેતુથી, ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ રાજ્ય સરકારને પત્ર લખીને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (PP)ની નિમણૂક કરવા માટે રજૂઆત કરી છે. આ પગલાથી કેસની સુનાવણી ઝડપી બનશે અને ન્યાય પ્રક્રિયાને વેગ મળશે તેવી અપેક્ષા છે.



ગુજરાત ભાજપના અધ્યક્ષ પદે દિલીપ સંઘાણીની નિમણૂક કરવા કોડીનારના આગેવાનની રજૂઆત

કોડીનાર, તા.૨૮

ભા.જ.પ. પ્રદેશ અધ્યક્ષ પદે સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીની નિમણૂક કરવા કોડીનાર શહેર ભા.જ.પ. ઉપ-પ્રમુખ રમેશભાઈ બજાજે મોવડીમંડળને રજૂઆત કરી છે. તેમણે જણાવેલ કે, મૂળ અમરેલીનાં રહેવાસી તથા ત્રણવાર ધારાસભ્ય પદે ચૂંટાઈ સરકારમાં કૃષિ, મત્સ્ય, જેલ કાયદો, સંસદીય બાબતો, સહકાર સંગઠનનાં મંત્રી પદે સફળ કામગીરી કરનાર તેમજ ચાર વખત સાસંદ રહી ચુકેલા દિલીપભાઈ સંઘાણીને રાજ્યમાં પક્ષની જવાબદારી સોંપવી જોઈએ. તેમણે જણાવ્યું છે કે, દિલીપભાઈ સંઘાણી સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ આજે પણ **NCUI**, ગુજકોમાસોલના ચેરમેન પદે તથા ઘણા વર્ષોથી અમરેલી મધ્યસ્થ સહકારી બેન્કનાં ચેરમેન પદે રહી સફળતાપૂર્વક સુંદર કામગીરી કરી રહ્યા છે. દિલીપભાઈ સંઘાણી સરળ સ્વભાવના છે. વાણી, વર્તન અને વ્યવહારમાં સૌમ્યતા ધરાવતા હોવાથી માત્ર અમરેલીના જ નહીં પરંતુ ગુજરાત ભરના પ્રજાજનોમાં લાગણીસભર સ્થાન ધરાવે છે. તેમની આ હકારાત્મક વિચારધારા તથા લાંબી અને સુદૃઢ રાજકીય કારકિર્દીનો લાભ ભા.જ.પ. સંગઠનને મળશે તેવો મત રમેશભાઈ બજાજે વ્યકત કર્યો છે.



કોડીનારના એસ.ટી.બસના પ્રશ્નો અંગે તંત્રને "સંભારણા" નામે દરરોજ પત્ર લખવાનું શરૂ

કોડીનાર, તા.૨૮

અમરેલી એસટી વિભાગ દ્વારા કોડીનારની એસ.ટી. બસ સુવિધા સતત છિનવાઈ રહી છે. છેલ્લા ૨૦ વર્ષમાં કોડીનારને એકપણ નવો એસ.ટી. રૂટ આપવામાં આવ્યો નથી. પરંતુ સ્ટાફ શોર્ટેજનું બહાનુ આગળ ધરીને કોડીનારના રૂટ બંધ રાખવામાં આવે છે. પાછલા બારણે એ રૂટ કાયમી ધોરણે બંધ કરી અમરેલી એસ.ટી. વિભાગ અન્ય ડેપોને ફાળવી નવા બસ રૂટ શરૂ કરે છે. આ સ્થિતિમાં કોડીનાર ખાતે એસ.ટી. ડેપો બને તે માટે સર્વપ્રથમ રજૂઆત કરનાર અજીતભાઈ ચાવડાએ ૨૧ જુલાઈથી વિભાગીય નિયામક-અમરેલીને "સંભારણા " શીર્ષક હેઠળ દરરોજ એક પત્ર લખી કોડીનારના સામાન્ય પ્રશ્ને યાદ અપાવવાનું શરૂ કર્યું છે. અમરેલી એસ.ટી. વિભાગ આ પત્રો બાબતે કોઈ કાર્યવાહી કરે છે કે પછી કોડીનારને અન્યાય કરવાની પરંપરા જાળવી રાખે છે એ તો આવનાર સમય જ બતાવશે.

અમરેલી જિલ્લામાં ખાતરની અછત: પ્રતાપ દુધાતનો મુખ્યમંત્રીને પત્ર

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ખેડૂતોને યુરિયા સહિતના રાસાયણિક ખાતરની અછતનો સામનો કરવો પડી રહ્યો છે, જેના પગલે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા ખાતર ડેપો અને અન્ય સંસ્થાઓ દ્વારા ખાતર ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં, ખેડૂતોને લાંબી કતારોમાં ઊભા રહ્યા બાદ પણ ખાતર મળતું નથી. આ ગંભીર મુદ્દે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે ગુજરાતના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપ કરવા માંગ કરી છે. પ્રતાપભાઈ દુધાતે જણાવ્યું હતું કે, "છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ સરકાર ગ્રામ પંચાયતથી માંડીને કેન્દ્ર સુધી શાસનમાં છે, પરંતુ ખેડૂતોની વેદના સમજવા કોઈ તૈયાર નથી. માત્ર વાયદાઓ અને જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, "હાલ ખેડૂતોને તેમની સિઝન દરમિયાન ખાતરની તાતી જરૂરિયાત છે, પરંતુ સમગ્ર અમરેલી જિલ્લામાં ખેડૂતો સતત આખો દિવસ ઊભા રહ્યા અને પૈસા ચૂકવવા છતાં તેમને ખાતર મળતું નથી. આના કારણે ખેડૂતો હેરાન-પરેશાન થઈ રહ્યા છે." તેમણે યુરિયા અને અન્ય રાસાયણિક ખાતર ડેપો તેમજ અન્ય સંસ્થાઓમાં સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા તાત્કાલિક પગલાં લેવા અનુરોધ કર્યો છે.



જિલ્લામાં અકસ્માતની બે ઘટના

બાબરાના ઈંગોરાળાથી ભીલા ગામ વચ્ચે ટ્રકચાલકે ફોરવ્હીલને ટક્કર મારી

બાબરા, તા.૨૮

બાબરાના ઈંગોરાળાથી ભીલા ગામ વચ્ચે ટ્રકચાલકે ફોરવ્હીલને ટક્કર મારી હતી. જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ટક્કર મારીને ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અમરેલીમાં રહેતા સંજયભાઈ ભનુભાઈ મકવાણા (ઉ.વ.૩૪) એ ટ્રક નંબર જીજે -૦૪-એક્સ-૫૫૮૬ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ કાર લઈને ઘેલા સોમનાથથી અમરેલી જતા હતા. તે દરમિયાન ઈંગોરાળાના પાટીયાથી થોડે દૂર ભીલા ગામ વચ્ચે પહોંચતા સામેથી આવેલા ટ્રકચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને માથાના ભાગે ઈજા થઈ હતી. જ્યારે સાહેદને પણ ઈજા પહોંચી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા રસીકભાઈ જયશંકરભાઈ જોષી (ઉ.વ.૬૨)એ અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ વડેશ્વર દૂધની ડેરીથી દૂધ લઈને પોતાના ઘરે જતા હતા ત્યારે મણીભાઈ ચોક પાસે પહોંચતા અજાણ્યા મોટરસાયકલ ચાલકે ટક્કર મારી હતી અને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

ઢૂંઢિયા પીપળીયા ગામના વૃદ્ધ દંપતીની હત્યાનું રી-કન્સ્ટ્રક્શન કરાયું

વડીયા, તા.૨૮

વડીયાના ઢૂંઢિયા પીપળીયા ગામે તારીખ ૧૭મી જુલાઈની રાત્રીએ વૃદ્ધ ખેડૂત દંપતીની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી. પોલીસે દસ જેટલી ટીમો દ્વારા તમામ સોર્સનો ઉપયોગ કરી અલગ અલગ એંગલથી તપાસ કરી હત્યારાઓને ઝડપ્યા હતા. આ હત્યારાઓને વડીયાના ઢૂંઢિયા પીપળીયા ગામે રી-કન્સ્ટ્રકશન માટે લાવતા આ આરોપીઓ જોવા અને પોલીસની કામગીરીને બિરદાવવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પોલીસ દ્વારા ચારેય આરોપીને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે તેમના આઠ દિવસ માટેના રિમાન્ડ મંજૂર કર્યા છે.



ધારી ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા દશેરા ઉત્સવની તડામાર તૈયારીઓ શરૂ



ધારી,તા.૨૮

ધારી ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરા ઉત્સવની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉત્સવ જયદીપભાઈ બસીયા, ભુપતભાઈ વાળા અને કાઠી યુવાનો દ્વારા આયોજિત કરવામાં આવશે. આ ઉત્સવને લઈને સમગ્ર કાઠી સમાજમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સાવરકુંડલાના જુદા જુદા ગામના વિદ્યાર્થીઓ માટે એસ.ટી.બસ શરૂ કરવા આવેદનપત્ર અપાયું

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા તાલુકાના ઠવી, વિરડી, નાળ, જેજાદ, વાશીયાળી, શેલણા ગામોમાંથી દરરોજ શાળા, હાઈસ્કૂલ અને કોલેજમાં વંડા તથા સાવરકુંડલામાં અભ્યાસ અર્થે મુસાફરી કરતા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને એસ.ટી.બસોમાં અપડાઉન કરવામાં પડતી મુશ્કેલીઓ બાબતે સાવરકુંડલાના એસ.ટી. ડેપો મેનેજર નથવાણીભાઈને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય કાળુભાઈ લુણસર, ભાજપ અગ્રણી જગદીશભાઈ ડાભી ઠાકોર તેમજ ઠવી, વિરડી, નાળ, જેજાદ, વાશીયાળી, શેલણા અને આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓ, વાલીઓએ રૂબરૂ સાવરકુંડલામાં એસ.ટી.ડેપો ખાતે ઉપસ્થિત રહીને આવેદનપત્ર પાઠવ્યું હતું.



બાબાપુર ગામ નજીક આવેલ નાગવાડી ખાતે શ્રાવણ મહિનાના પવિત્ર સોમવારે ભક્તોનું ઘોડાપૂર


તસવીર : હસમુખભાઈ રાવળ

બાબાપુર, તા.૨૮

બાબાપુર ગામ નજીક આવેલ નાગવાડી ખાતે શ્રાવણ મહિનાના પવિત્ર સોમવારે ભવ્ય મેળો ભરાય છે. આ મેળામાં આસપાસના ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ખાસ કરીને શ્રાવણ માસના ચારેય સોમવારે અહીં ભક્તોની ભીડ જોવા મળે છે. સરંભડા, તરવડા, મેડી, માંડવડા, મોટા ભંડારીયા, ગાવડકા જેવા નજીકના ગામડાંના લોકો આ મેળાનો આનંદ માણવા માટે ઉત્સાહભેર નાગવાડી પહોંચે છે. ધાર્મિક માહોલ અને ભક્તિમય વાતાવરણથી નાગવાડી ગુંજી ઉઠે છે.

સાવરકુંડલા ખાતે મનીષ સંઘાણીના માર્ગદર્શનમાં ૬ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો પ્રારંભ

અમરેલી, તા.૨૮

ગુજરાત રાજ્ય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શનમાં સાવરકુંડલાની વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એન.આર. સંઘવી કોમર્સ કોલેજમાં જિલ્લા સહકારી સંઘ દ્વારા છ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ કરવામાં આવેલ હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને છ દિવસ સુધી વિવિધ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમનું સંકલન જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. સાગરભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે એ.પી.એમ.સી.ના અધ્યક્ષ દિપકભાઈ માલાણી, સંઘના ડાયરેક્ટર શરદભાઈ પંડ્યા, સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ અનિરુદ્ધસિંહ રાઠોડ, કોલેજના આચાર્ય એસ. સી. રવૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૪૭/૨૦૨૫ તા.૧૯/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ભુત ધનજીભાઈ બાલાભાઈ
રહે.જીરા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, જીરા, તા. સાવરકુંડલા જી. અમરેલી તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભુત ચિરાગ ધનજીભાઈનો જન્મ તા.૨૧/૧૦/૧૯૮૯ ના રોજ મુ.જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

ઓપરેશન સિંદૂર પર લોકસભામાં ચર્ચા શરૂ: આજે વડાપ્રધાન મોદી ચર્ચામાં ભાગ લેશે

નવી દિલ્હી, તા.૨૮



સોમવારે બપોરે ૨:૦૫ વાગ્યાથી લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્રમ્પના યુદ્ધવિરામના દાવા પર કહ્યું- ૨૨ એપ્રિલથી ૧૭ જૂન સુધી ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. અમેરિકા સાથેની ચર્ચા દરમિયાન કોઈપણ તબક્કે વેપાર પર ચર્ચા થઈ નથી. વિપક્ષે આ અંગે હોબાળો શરૂ કર્યો. આ જોઈને અમિત શાહ વચ્ચે ઉભા થયા અને કહ્યું- ભારતના વિદેશ મંત્રી અહીં નિવેદન આપી રહ્યા છે, પરંતુ વિપક્ષ તેમના પર વિશ્વાસ કરતો નથી. તેઓ કોઈ બીજા દેશ પર વિશ્વાસ કરે છે. તેઓ વિદેશ મંત્રી પર કેમ વિશ્વાસ કરતા નથી. એટલા માટે કે તેઓ વિપક્ષમાં બેઠા છે. અને ૨૦ વર્ષ સુધી ત્યાં જ રહેશે. વિદેશ મંત્રીના સંબોધન દરમિયાન વિપક્ષે હોબાળો મચાવ્યો. વિપક્ષવતી કોંગ્રેસના ગૌરવ ગોગોઈએ કહ્યું- અમેરિકાના રાષ્ટ્રપતિએ ૨૯ વાર કહ્યું છે કે તેમણે યુદ્ધવિરામ કરાવ્યો. PM મોદી આજે અમને જણાવો કે યુદ્ધવિરામ કેમ થયો. જો પાકિસ્તાન ખરેખર ઘૂંટણિયે પડવા તૈયાર હતું, તો તમે શા માટે ઝૂક્યા? તમે કોને શરણાગતિ આપી? વડાપ્રધાન આજે વિપક્ષના આક્ષેપોનો જવાબ આપશે.

ચૂંટણી પંચે આધાર અને મતદાર ઓળખપત્રને માન્ય દસ્તાવેજો ગણવા જોઈએ : સુપ્રીમ કોર્ટ


(એચ.એસ. એલ),નવીદિલ્હી,તા.૨૮



હાલમાં, બિહારમાં મતદાર યાદી સુધારણાને લઈને રાજકીય ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન, સુપ્રીમ કોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. કોર્ટે ફરીથી ચૂંટણી પંચને બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદારોની ઓળખ સાબિત કરવા માટે આધાર કાર્ડ અને મતદાર ફોટો ઓળખ કાર્ડ (મતદાર આઈડી) ને સ્વીકાર્ય દસ્તાવેજો તરીકે સામેલ કરવા પર વિચાર કરવા કહ્યું. સુપ્રીમ કોર્ટે આ કેસમાં સામેલ પક્ષોને મંગળવારે સુનાવણીની આગામી તારીખ જણાવવા કહ્યું છે કે તેઓ કેસની દલીલ કરવા માટે કેટલો સમય લેશે. અગાઉ પણ, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આધાર કાર્ડ, રેશન કાર્ડ અને ઈપીઆઈસી (મતદાર આઈડી કાર્ડ) નો સમાવેશ કરવા કહ્યું હતું. આના પર, સિબ્બલે કહ્યું કે પંચે તેનો સમાવેશ કર્યો નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે દસ્તાવેજોમાં આધાર અને ઈપીઆઈસીનો સમાવેશ કરી શકાય છે. ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું કે રેશનકાર્ડ સામે વાંધો છે. ઈપીઆઈસી નહીં કારણ કે તે એક ખાસ સઘન સમીક્ષા છે. એમ પણ કહ્યું કે, આધાર ફોર્મમાં ઉલ્લેખ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આધાર અને મતદાર આઈડી સામેલ કરો અને જો કોઈ નકલી મળે તો કેસ ટુ કેસ આધારે કાર્યવાહી કરો. પરંતુ, આ બંનેને અગિયાર દસ્તાવેજોમાં સામેલ કરો. કોર્ટે કહ્યું, અમે કાલે તેની સુનાવણી કરીશું.

અમેરિકામાં સાત ગુજરાતીઓ પર એક કરોડ ડોલરનાં કૌભાંડનો આરોપ

અમદાવાદ,તા.૨૮



અમેરિકામાં ગેરકાયદેસર ગેમિંગ મશીનો ચલાવતા સાત ગુજરાતીઓ સહિત કુલ નવ લોકો પર લગભગ એક કરોડ ડોલર એટલે કે ૮૬ કરોડ રૂપિયાનું કૌભાંડ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કૌભાંડીઓ દક્ષિણપશ્ચિમ મિઝોરીમાં છ અલગ અલગ સ્થળોએ ગેરકાયદે ગેમિંગ મશીનો ચલાવી રહ્યા હતા. ફેડરલ ગ્રાન્ડ જ્યુરીએ સંડોવાયેલા લોકો સામે આરોપો ઘડ્યા છે. આ કેસમાં જે લોકો પર આરોપ મૂકવામાં આવ્યો છે તેમાં વોશિંગ્ટનના રહેવાસી રાહુલ પટેલ, જ્યોર્જિયાના મનીષ પટેલ, તુષાર પટેલ અને મિતુલ બારોટ, ન્યૂ યોર્કના સુનિલ પટેલ, કોલોરાડોના હર્ષદ ચૌધરી અને અરકાનસાસના વિપુલ પટેલનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં લડકી બહેન યોજનાનો લાભ લેનાર પુરુષો સામે કાર્યવાહી કરવામાં આવશે : અજિત પવાર

મુંબઈ,તા.૨૮



મહારાષ્ટ્રમાં આર્થિક રીતે પછાત મહિલાઓ માટે બનાવવામાં આવેલી લડકી બહેન યોજના હેઠળ ૧૪,૦૦૦ થી વધુ પુરુષોએ છેતરપિંડી કરીને નાણાકીય લાભ મેળવ્યા છે. આ ખુલાસા પછી, મહારાષ્ટ્રનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે કહ્યું કે મહારાષ્ટ્ર સરકારની લડકી બહેન યોજનાનો ભાગ બનેલા પુરુષો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમને આપવામાં આવેલી રકમ વસૂલ કરવામાં આવશે. આ યોજનાના ૧૪,૦૦૦ પુરુષ લાભાર્થીઓ હોવાના અહેવાલો વચ્ચે પવારનું નિવેદન આવ્યું છે. પવારે પત્રકારોને જણાવ્યું હતું કે, 'ગરીબ મહિલાઓને મદદ કરવા માટે લડકી બહેન યોજના શરૂ કરવામાં આવી હતી. પુરુષોને લાભાર્થી બનાવવાનું કોઈ કારણ નથી. અમે તેમને આપવામાં આવેલા પૈસા પાછા લઈશું. જો તેઓ સહકાર નહીં આપે તો આગળની કાર્યવાહી કરવામાં આવશે.' તેમણે કહ્યું, 'સરકારી નોકરી કરતી કેટલીક મહિલાઓ પણ લાભાર્થી બની હતી, પરંતુ અમે તેમના નામ દૂર કર્યા છે. જેમ જેમ અમે યોજનાની કામગીરીની સમીક્ષા કરતા રહીશું, તેમ તેમ અમે આવા નામ દૂર કરતા રહીશું.'

સાંસદોને જનતાએ પત્રિકાઓ ફેંકવા માટે નથી મોકલ્યા : ઓમ પ્રકાશ બિરલા

નવીદિલ્હી,તા.૨૮



લોકસભા સ્પીકર ઓમ બિરલાએ સોમવારે ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન નારા લગાવવા બદલ વિપક્ષી સાંસદોની ઝાટકણી કાઢી. તેમણે વિપક્ષી નેતા રાહુલ ગાંધીને તેમના પક્ષના નેતાઓને સમજાવવા કહ્યું કે જનતાએ તેમને પત્રિકાઓ ફેંકવા અને પ્લેકાર્ડ લાવવા માટે મોકલ્યા નથી. ઓમ બિરલાએ એમ પણ કહ્યું કે દેશ જાણવા માંગે છે કે પ્રશ્નકાળને આયોજિત રીતે કેમ ખોરવી નાખવામાં આવી રહ્યો છે? બિહારમાં જારી કરવામાં આવી રહેલી મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના મુદ્દા પર સોમવારે કોંગ્રેસ અને અન્ય વિપક્ષના નેતાઓએ લોકસભામાં સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા હતા.

કોંગ્રેસે ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા વક્તાઓની યાદીમાંથી શશિ થરૂરનું નામ હટાવ્યું

નવી દિલ્હી, તા.૨૮



પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે શાસક અને વિપક્ષ વચ્ચે સમજૂતી થઈ હતી. ત્યારબાદ એવી અટકળો ચાલી રહી હતી કે કોંગ્રેસ વતી બોલતા નેતાઓમાં શશિ થરૂરનું નામ સામેલ કરવામાં આવશે, પરંતુ કોંગ્રેસે આજે ગૃહમાં બોલતા છ નેતાઓની યાદી જાહેર કરી છે, જેમાં તેમનું નામ સામેલ નથી. પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતના ઓપરેશન સિંદૂર પર વિશેષ ચર્ચામાં કોંગ્રેસ તરફથી ગૌરવ ગોગોઈ, પ્રિયંકા ગાંધી વાડ્રા, દીપેન્દ્ર હુડા, પ્રણિતી એસ શિંદે, સપ્તગિરિ ઉલકા, બિજેન્દ્ર એસ ઓલા ભાગ લેશે. ભારતની સફળતા અને પાકિસ્તાનના કાયરતાપૂર્ણ કૃત્ય વિશે વિશ્વને સંદેશ આપવા ગયેલા પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસે શશી થરૂરનું નામ નહોતું લીધું, પરંતુ તેમ છતાં, સરકારે તેમના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળને અમેરિકા અને અન્ય દેશોની મુલાકાત માટે મોકલ્યું. ત્યારબાદ તેમના (થરૂર) અને પાર્ટી વચ્ચે તણાવના અહેવાલો સામે આવ્યા હતા. થરૂરના પ્રતિભાવ પહેલાં, સૂત્રોએ જણાવ્યું હતું કે જે સાંસદો ગૃહમાં કેટલાક મુદ્દાઓ પર બોલવા માગે છે તેઓએ સીપીપી કાર્યાલયને તેમની વિનંતી મોકલવી પડશે. જોકે, શશી થરૂરે ઓપરેશન સિંદૂર પર બોલવા માટે કોંગ્રેસ સંસદીય પક્ષ (સીપીપી) કાર્યાલયને કોઈ વિનંતી મોકલી નથી.

જમ્મુ અને કાશ્મીરમાં સેનાનું ઓપરેશન મહાદેવ: શ્રીનગરમાં ૩ આતંકીઓને ઠાર માર્યા

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨૮



શ્રીનગરના હરવાન વિસ્તારમાં દાચીગામ રાષ્ટ્રીય ઉદ્યાન નજીક સોમવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. આ અથડામણમાં ૨ થી ૩ આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. શ્રીનગર સ્થિત આર્મીના ચિનાર કોર્પ્સે તેના X હેન્ડલ પર પોસ્ટ કર્યું, ઓપરેશન મહાદેવ - લિડવાસના સામાન્ય વિસ્તારમાં સંપર્ક સ્થાપિત થઈ ગયો છે. ઓપરેશન ચાલુ છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓમાંથી બે યાસીર અને સુલેમાન છે, જ્યારે ત્રીજો અલી હોઈ શકે છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ હરવનના મુલનાર વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી શરૂ કરી. તેમણે કહ્યું કે વિસ્તારમાં વધારાના દળો મોકલવામાં આવ્યા છે અને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, ઘેરાયેલા વિસ્તારમાં બે થી ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

મુંબઈ પોલીસને મળી મોટી સફળતા: ૪૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮




દેશભરમાં ડ્રગ્સ સામે પોલીસ અને એજન્સીઓની કાર્યવાહી ચાલુ છે. આ ક્રમમાં, ડ્રગ્સ સામેની ઝુંબેશમાં મુંબઈ પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈ પોલીસે ડ્રગ્સનો મોટો કન્સાઈનમેન્ટ જપ્ત કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૪૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સનો કન્સાઈનમેન્ટ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મુંબઈ પોલીસે ડ્રગ્સના કેસમાં કર્ણાટકના મૈસુરમાં પણ દરોડા પાડ્યા છે.

અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, મુંબઈ પોલીસે મોટી કાર્યવાહી કરી છે અને એક મોટી ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. એવું કહેવાય છે કે પોલીસે MD ડ્રગ્સ જપ્ત કર્યું છે.

નાઈજીરીયામાં બોટ પલટી જવાથી ૨૫ લોકોના મોતની આશંકા


(એચ.એસ.એલ),શિરોરો,તા.૨૮



નાઈજીરીયાના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, નાઈજીરીયામાં નાઈજર રાજ્યના શિરોરો પ્રદેશના ગુમુ ગામ નજીક દુઃખદ અકસ્માત થયો હતો. એવું જાણવા મળ્યું છે કે મુસાફરોને લઈ જતી એક બોટ પલટી ગઈ હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૫ લોકોના મોતની આશંકા છે. નાઈજીરીયાની રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન એજન્સીના અધિકારી ઈબ્રાહિમ હુસૈનીએ આ ઘટના અંગે અપડેટ શેર કર્યું છે. તેમણે કહ્યું કે અકસ્માત પછી શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે.

પાકિસ્તાનમાં ભયાનક માર્ગ અકસ્માત, ૯ લોકોના મોત : ૩૦ થી વધુ ઘાયલ

ઈસ્લામાબાદ,તા.૨૮



પાકિસ્તાનમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. થયેલા આ બસ અકસ્માતમાં ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા છે અને ૩૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓએ આ અકસ્માત અંગે માહિતી આપી છે. બસ ઈસ્લામાબાદથી લાહોર જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. પંજાબ પ્રાંતના ચકવાલ જિલ્લામાં બાલકાસર નજીક બસ ખાડામાં પડી ગઈ હતી. વાહનમાં ૪૦ થી વધુ મુસાફરો હતા. ચકવાલ ઈમરજન્સી સર્વિસીસના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, બસનું એક ટાયર ફાટતાં ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો, જેના કારણે વાહન પલટી ગયું અને ખાડામાં પડી ગયું.

વસુંધરા રાજે પ્રધાનમંત્રી મોદીને મળ્યા : રાજસ્થાનના રાજકારણમાં મોટા ફેરફારની શક્યતા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮



રાજસ્થાનના રાજકારણમાં પરિવર્તનની ચર્ચા ચાલી રહી છે. સૂત્રો કહે છે કે વસુંધરા રાજે પ્રધાનમંત્રી મોદીને મળ્યા છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ દિલ્હીની મુલાકાત લેવાના છે. આ બાબતને લઈને રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઓનો દોર શરૂ થયો છે. એવા અહેવાલ છે કે દિલ્હીમાં રાજસ્થાન અંગે એક મોટી બેઠક યોજાઈ હતી, જેમાં બીએલ સંતોષ અને પ્રભારી રાધામોહનદાસ અગ્રવાલ હાજર રહ્યા હતા. એવું માનવામાં આવે છે કે રાજસ્થાનમાં કેબિનેટ અને રાજ્ય કારોબારીમાં ટૂંક સમયમાં મોટા ફેરફારો થશે.

ખરેખર, પ્રાપ્ત માહિતી અનુસાર, વસુંધરા રાજેએ શિક્ષણ વિભાગની બેદરકારી પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. ઝાલાવાડમાં, ફક્ત વસુંધરા રાજે બાળકો અને ઘાયલોના ઘરે પહોંચી હતી, જ્યારે મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પહેલાથી જ ઝાલાવાડની મુલાકાત લેવાના હતા, પરંતુ વસુંધરા રાજેએ પીડિતોને વળતર આપ્યું અને વિસ્તારની મુલાકાત લીધી. આ ઘટના અંગે, એવું માનવામાં આવે છે કે ભજનલાલ શર્મા મોટા પ્રમાણમાં નિર્ણયો લેવામાં અસમર્થ છે. રાજ્ય સરકાર અને પાર્ટીમાં મોટા નેતાઓનો વધુ હસ્તક્ષેપ છે, જેની સામે ભજનલાલ નિસ્તેજ સાબિત થઈ રહ્યા છે.

ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ પ્રવાસ દરમ્યાન ૩૦૦૦થી વધુ રન બનાવીને રેકોર્ડ બનાવ્યો

માન્ચેસ્ટર,તા.૨૮



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટેસ્ટ મેચ માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આ મેચમાં, ભારતીય ટીમના બેટ્સમેનોએ બીજી ઈનિંગમાં શાનદાર બેટિંગ કરી છે. બીજી ઈનિંગમાં, કેપ્ટન શુભમન ગિલે ભારત માટે શાનદાર સદી ફટકારી છે, જ્યારે કેએલ રાહુલે ૯૦ રન બનાવ્યા છે. આ શ્રેણી દરમિયાન, ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ શાનદાર બેટિંગ કરી છે. આ શ્રેણીમાં, ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધીમાં ૩૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. ઈંગ્લેન્ડમાં આ પહેલી વાર છે જ્યારે ભારતીય ટીમના બેટ્સમેનોએ શ્રેણીમાં ૩૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. આ પહેલા, ભારતે ૨૦૨૧-૨૨માં રમાયેલી ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ૨૬૬૬ રન બનાવ્યા હતા. તે જ સમયે, ૨૦૧૪માં, ભારતીય ટીમ ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ૨૫૪૮ રન બનાવવામાં સફળ રહી હતી. માન્ચેસ્ટર ટેસ્ટ મેચની વાત કરીએ તો, પાંચમા દિવસે વિરામ બાદ ટીમ ઈન્ડિયા તરફથી રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે સદી પૂરી કરી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય રદ્દ કરાયો

અમદાવાદ,તા.૨૮

ગુજરાત સરકારે ધો.૧થી ૧૨માં શિક્ષકોની ઘટને ધ્યાનમાં લઈ ખાલી જગ્યાઓ પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો વચગાળાનો નિર્ણય રદ્દ કર્યો છે. ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલા એટલે કે ૨૫ જુલાઈ ૨૦૨૫એ શિક્ષણ વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, કાયમી ભરતી અને જ્ઞાન સહાયકની નિમણૂંક બાદ ખાલી જગ્યાઓ પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવામાં આવશે. જો કે આ પરિપત્ર બાદ ભરતીની રાહ જોઈ રહેલા ટેટ અને ટાટ પાસ ઉમેદવારો અને વિરોધ પક્ષ દ્વારા આ નિર્ણયની ટીકા કરવામાં આવી હતી. શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું છે કે સરકારે શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત કરી છે તે




તમામ ભરતી કરાશે. ઉમેદવારોને પોતાની જગ્યાએ ભરતી થવાની લાગણી અનુભવી છે. કેટલીક વિસંગતતાઓના લીધે પરિપત્ર રદ્દ કર્યો છે. ઉમેદવારોના મનની શંકા દૂર કરવા પરિપત્ર રદ્દ કર્યો છે. જ્યાં સુધી નવા શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા કરી હતી પણ કોઈને નુકસાન કરવાનો આ હેતુ ન હતો. જે આંકડાઓ ભરતીના જાહેર કર્યા છે તે તમામ પર ભરતી કરાશે. યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, "શિક્ષણ વિભાગ દ્વારા ૨૫ જુલાઈ ૨૦૨૫એ ખાલી જગ્યાઓ પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય રદ્દ કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લામાં મેઘાની તોફાની બેટિંગ, નદી-નાળાઓ ગાંડાતૂર

નવસારી,તા.૨૮

નવસારી જિલ્લામાં ચોમાસાએ જોરદાર બેટિંગ શરૂ કરી છે. મોડી રાતથી જિલ્લાના તમામ છ તાલુકાઓ નવસારી, ગણદેવી, ચીખલી, વાંસદા, જલાલપોર અને ખેરગામમાં મેઘો મૂશળધાર વરસી રહ્યા છે. આ સાર્વત્રિક વરસાદે જિલ્લાને ભીંજવી દીધો છે, જેના કારણે ખેતરો, રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીની ચાદર છવાઈ ગઈ છે. જિલ્લામાં



રવિવારે મોડી રાતથી શરૂ થયેલો વરસાદ સોમવારે સવારે પણ યથાવત્ રહ્યો હતો. ખાસ કરીને ચીખલી અને વાંસદા તાલુકામાં ભારે વરસાદ નોંધાયો છે, જ્યાં નદી-નાળાઓ ગાંડાતૂરની જેમ ધસમસી રહ્યા છે. જલાલપોર અને ગણદેવીમાં પણ ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલો મળ્યા છે. નવસારી શહેરમાં રસ્તાઓ પર પાણીનો નિકાલ થઈ શકે તે માટે નગરપાલિકા દ્વારા ઝડપી પગલાં લેવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન નવસારી જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. આથી, જિલ્લા વહીવટ અને નાગરિકોને સતર્ક રહેવા અને જરૂરી સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે.

રાજકોટમાં મેળામાં ફરવાનું મોંઘું થશે, રાઈડ્સની ટિકિટના ભાવમાં વધારો

રાજકોટ,તા.૨૮

જન્માષ્ટમી નિમિત્તે રાજકોટમાં મોટો લોકમેળો યોજાય છે. ત્યારે આ વર્ષે તંત્ર અને રાઈડ્સ સંચાલકો વચ્ચે ચાલી રહેલા વિવાદના કારણે મેળામાં રાઈડ્સ હશે કે કેમ એ અંગે સવાલો ઊભા થયા હતા. હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, રાજકોટમાં લોકમેળો યાંત્રિક રાઈડ્સ સાથે યોજાશે. રાઈડ્સ સંચાલકોની માંગણી તંત્ર દ્વારા સ્વીકારવામાં આવી છે. જોકે, રાઈડ્સ મોંઘી થઈ છે. યાંત્રિક રાઈડ્સમાં રૂપિયા ૫ નો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી વિવાદના ચકડોળે ચડેલા રાજકોટના લોકમેળા માટે યાંત્રિક રાઈડની હરાજી યોજાઈ હતી. કુલ ૩૪ પ્લોટ માટેની આ હરાજી યોજવામાં આવી હતી. યાંત્રિક રાઈડ સંચાલકની રાઈડ્સની ટિકિટના ભાવ વધારાની માંગ તંત્રએ સ્વીકારી હતી. યાંત્રિક રાઈડના ભાવમાં ૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. રાઈડમાં આનંદ માણવા માગતા લોકોએ હવે રાઈડ્સના ૪૫ ને બદલે હવે ૫૦ રૂપિયા ચૂકવવા પડશે.

શ્રાવણના પ્રથમ સોમવારે ભક્તોનો મહેરામણ, શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

અમદાવાદ,તા.૨૮

શ્રાવણ માસનો પ્રથમ સોમવાર ગુજરાતભરના શિવ ભક્તો માટે ખાસ ઉત્સવની પળો લઈને આવ્યો. સોમવારે વહેલી સવારથી જ અમદાવાદના શિવાલયોમાં ભક્તોનો અપાર ઘસારો જોવા મળ્યો, જ્યાં "હર હર મહાદેવ"ના નાદથી વાતાવરણ ભક્તિમય બની ગયું. શ્રાવણ માસના પવિત્ર સોમવારે મહાદેવના દર્શન,



બિલીપત્ર ચઢાવવા અને ભષ્મ આરતીના વિશેષ મહત્વને લીધે શિવાલયોમાં ભારે ભીડ ઉમટી હતી. અમદાવાદના પ્રખ્યાત કામેશ્વર મહાદેવ મંદિર, સાંદીપની મહાદેવ, રામેશ્વર મહાદેવ અને અન્ય શિવાલયોમાં સોમવારે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરોને ફૂલો, રંગોળીઓ અને રોશનીથી શણગારવામાં આવ્યા, જેનાથી શિવાલયોનો વૈભવ વધુ નિખર્યો. ભક્તો વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહી મહાદેવના દર્શન અને જલાભિષેક કરવા માટે આતુર જોવા મળ્યા. કામેશ્વર મહાદેવ મંદિરે સોમવારે ખાસ ભષ્મ આરતીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સેંકડો ભક્તોએ ભાગ લીધો હતો.

જાહેર રજાઓને કારણે ઓગસ્ટ મહિનામાં ૧૫ દિવસ બેંકો બંધ રહેશે

અમદાવાદ,તા.૨૮

તહેવારોની મોસમ ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ઓગસ્ટ મહિનામાં બેંક કર્મચારીઓને લાંબી રજાઓ મળશે. શનિવાર અને રવિવાર સિવાય સ્વતંત્રતા દિવસ, ગણેશ ચતુર્થી, જન્માષ્ટમી જેવા ઘણા મોટા તહેવારો હશે. તમને જણાવી દઈએ કે, આવતા મહિને વિવિધ રાજ્યોમાં બેંકો કુલ ૧૫ દિવસ બંધ રહેશે. ૩ ઓગસ્ટ - રવિવારના કારણે બેંકમાં રજા રહેશે. ૮ ઓગસ્ટ - તેંડોંગ લો રમ ફાટના કારણે સિક્કિમની રાજધાની ગંગટોકમાં બેંકો બંધ રહેશે. ૯ ઓગસ્ટ - અમદાવાદ, ભોપાલ, ભુવનેશ્વર, લખનૌ, કાનપુર, શિમલા, જયપુર, દેહરાદૂન સહિત અનેક જગ્યાએ બેંકો બંધ રહેશે. આ દિવસે રક્ષાબંધન અને ઝૂલણા તહેવારો પણ ઉજવવામાં આવે છે. દેશના અન્ય ભાગોમાં બેંકો બંધ રહેશે કારણ કે તે મહિનાનો બીજો શનિવાર છે. ૧૦ ઓગસ્ટ - રવિવારના કારણે બેંકો બંધ રહેશે. ૧૩ ઓગસ્ટ - ઈમ્ફાલમાં બેંક બંધ રહેશે. ૧૫ ઓગસ્ટ - સ્વતંત્રતા દિવસ, પારસી નવું વર્ષ અને જન્માષ્ટમી તહેવારના કારણે આ દિવસે દેશભરમાં બેંકો બંધ રહેશે.

અમદાવાદના દિલ્લી દરવાજા વિસ્તારમાં ગેરકાયદે વેચાતા ૧૦૦થી વધુ પક્ષુ-પક્ષીઓને છોડાવાયા

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના દિલ્લી દરવાજા વિસ્તારમાં વન વિભાગે ગેરકાયદે પશુ-પક્ષીઓના વેચાણ સામે મોટા પાયે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન ૧૦૦થી વધુ કાચબા અને પક્ષીઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગેરકાયદે વેપાર કરનારાઓ સામે કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેનાથી શહેરમાં



વન્યજીવોના ગેરકાયદે વેચાણના નેટવર્ક પર અંકુશ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વન વિભાગની ટીમને ગુપ્ત માહિતી મળી હતી કે દિલ્લી દરવાજા વિસ્તારમાં આવેલા કેટલાક બજારોમાં ગેરકાયદે રીતે કાચબા, દુર્લભ પક્ષીઓ અને અન્ય વન્યજીવોનું વેચાણ થઈ રહ્યું છે. આ માહિતીના આધારે, વન વિભાગે એક વિશેષ ટીમ બનાવી અને રવિવારે વહેલી સવારે દરોડા પાડ્યા. આ ઓપરેશનમાં વન વિભાગના અધિકારીઓ ઉપરાંત સ્થાનિક પોલીસ અને વન્યજીવ સંરક્ષણ સંસ્થાઓના સભ્યો પણ સામેલ હતા. દરોડા દરમિયાન ટીમે અનેક દુકાનો અને ખાનગી જગ્યાઓની તપાસ કરી, જ્યાંથી મોટી સંખ્યામાં કાચબા અને અન્ય દુર્લભ પક્ષીઓ મળી આવ્યા.

ગુજરાત કોંગ્રેસમાં મોટા ફેરબદલ, કોંગ્રેસનાં મુખ્ય દંડક તરીકે ડો. કિરીટ પટેલને જવાબદારી સોંપાઈ

અમદાવાદ,તા.૨૮

ગુજરાત કોંગ્રેસને લઈ મોટા સમાચાર આવ્યા છે. વિધાનસભામાં કોંગ્રેસનાં ઉપનેતા તરીકે શૈલેષ પરમારની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે, કોંગ્રેસનાં મુખ્ય દંડક તરીકે ડૉ. કિરીટ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત, વિમલ ચુડાસમા અને ઈમરાન ખેડાવાલાની ઉપદંડક તરીકે નિમણૂક કરાઈ છે. પ્રવક્તા તરીકે જીગ્નેશ મેવાણી અને અનંત પટેલની વરણી કરાઈ છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની સ્થિતિને ફરી વધુ મજબૂત કરવાનાં ઉદ્દેશ્ય સાથે દિલ્હી હાઈકમાન્ડ દ્વારા કેટલાક ફેરબદલ કરવામાં આવ્યા છે. દરમિયાન, ગુજરાત કોંગ્રેસને લઈ મહત્ત્વનાં સમાચાર આવ્યા છે. દિલ્હી હાઈકમાન્ડ દ્વારા પંસદગીનાં નેતાઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. માહિતી



મુજબ, વિધાનસભામાં કોંગ્રેસનાં ઉપનેતા તરીકે શૈલેષ પરમારની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે, કોંગ્રેસનાં મુખ્ય દંડક તરીકે ડૉ. કિરીટ પટેલ અને ઉપદંડક તરીકે વિમલ ચુડાસમા અને ઈમરાન ખેડાવાલાને જવાબદારી સોંપાઈ છે. આ સિવાય જીગ્નેશ મેવાણી અને અનંત પટેલની પ્રવક્તા તરીકે નિમણૂક કરાઈ છે. ખજાનચી દિનેશ ઠાકોર, મંત્રી તરીકે કાંતિ ખરાડીને જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા પ્રેસ નોટ જાહેર કરીને આ માહિતી આપવામાં આવી છે.

ફ્રોડ: ગાંધીનગરમાં ડિજિટલ એરેસ્ટ કરી વૃદ્ધ મહિલા ડોક્ટર પાસેથી રૂ.૧૯.૨૪ કરોડ પડાવ્યા

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં સૌથી મોટા ડિજિટલ એરેસ્ટ કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં એક વૃદ્ધ મહિલા ડૉક્ટરને ત્રણ મહિના સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખીને ૧૯.૨૪ કરોડ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી. આ ચોંકાવનારા કૌભાંડનું કનેક્શન કંબોડિયા સુધી જોવા મળ્યું છે, અને ગુજરાત CID સાયબર ક્રાઇમ સેલે આ કેસમાં સુરતના એક આરોપીની



ધરપકડ કરી છે. આ ઘટનામાં સાયબર ગુનેગારોએ અત્યાધુનિક ટેકનોલોજી અને મનોવૈજ્ઞાનિક યુક્તિઓનો ઉપયોગ કરીને વૃદ્ધ મહિલા ડૉક્ટરને ફસાવ્યા. આરોપીઓએ પોતાને સીબીઆઈ, ઈડી અથવા અન્ય અધિકારી તરીકે રજૂ કરી, વીડિયો કૉલ્સ અને AI-જનરેટેડ વૉઇસનો ઉપયોગ કરીને મહિલાને ડરાવ્યા. તેમણે દાવો કર્યો કે મહિલાનું આધાર કાર્ડ અથવા બેંક એકાઉન્ટ મની લોન્ડરિંગ અથવા ફ્રોડના કેસમાં સંડોવાયેલું છે. આ ડરનો લાભ લઈ, આરોપીઓએ તેમને ત્રણ મહિના સુધી "ડિજિટલ અરેસ્ટ" હેઠળ રાખ્યા, જે દરમિયાન ૧૯.૨૪ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા.

યાત્રાધામ પાવાગઢમાં ભક્તો માટે રોપ-વે સુવિધા ૫ દિવસ બંધ રહેશે

પાવાગઢ,તા.૨૮

પંચમહાલ જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ પાવાગઢ ખાતે આવેલ મહાકાળી માતાજીની શક્તિપીઠ દેશભરના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. દર વર્ષે લાખો ભક્તો આ પવિત્ર ધામના દર્શન માટે પાવાગઢ પહોંચે છે. પરંતુ, આગામી દિવસોમાં પાવાગઢ ખાતે દર્શન માટે જનારા ભક્તો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. પાવાગઢની રોપ-વે સેવા આગામી ૨૮ જૂન, ૨૦૨૫થી ૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી બંધ રહેશે. આ બંધનું કારણ રોપ-વેની વાર્ષિક મેન્ટેનન્સ કામગીરી છે, જે ઉષા બ્રેકો કંપની દ્વારા હાથ ધરવામાં આવશે. ઉષા બ્રેકો કંપની, જે પાવાગઢ ખાતે રોપ-વે સેવાનું સંચાલન કરે છે, દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ બંધનો હેતુ રોપ-વેની સુરક્ષા અને સરળ કામગીરીને સુનિશ્ચિત કરવાનો છે. દર વર્ષે રોપ-વેની વાર્ષિક જાળવણી અને તપાસણી કરવામાં આવે છે, જેથી ભક્તોને સુરક્ષિત અને આરામદાયક પ્રવાસનો અનુભવ મળી રહે.

CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'લોગો' ડિઝાઈનની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો ઈ-પ્રારંભ

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ 'લોગો' મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધામાં રહેલો છે. મુખ્યમંત્રીએ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો Mygov.in પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન લિંક પર સબમીટ કરી શકશે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. ગુજરાત@૭૫ વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે યોજાનારી ગુજરાત@૭૫ લોગો સ્પર્ધામાં લોકોની સહભાગિતા વધારીને તથા લોકોમાંથી જ પ્રાપ્ત થયેલા લોગો થકી એક આગવી ઓળખ ઊભી કરીને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષના ઉત્સવમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ભાવ અભિપ્રેત છે.

શ્રદ્ધાંજલી / બેસણું



સ્વ. મણીબેન નાનજીભાઈ મકવાણા

સ્વ.તા.૨૮-૭-૨૦૨૫ ને સોમવાર

મારા પૂજ્ય માતુશ્રી સ્વ. મણીબેન નાનજીભાઈ મકવાણા તા. ૨૮-૭-૨૦૨૫ ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન અર્પે.
પ્રેમથી બેટા કહેનાર હવે નહી મળે, દુઃખોમાં વડલાસમી છાયા હવે નહી મળે,
કોને કહીએ અંતરની વાત સાંભળનાર હવે નહી મળે, પહેલા આંસુ આવે તો તમો દોડી આવતા હતા,
અત્યારે તમો યાદ આવો છો ને આંસુ દોડી આવે છે.

-:: સદગતનું બેસણું ::-

તારીખ : ૩૧-૭-૨૦૨૫ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે રાખેલ છે.
સ્થળ : રાજગોર બ્રાહ્મણવાડી, મુક્તાનંદબાગ, પાઠક સ્કૂલની બાજુમાં, હનુમાનપરા રોડ, અમરેલી

: લી. :

ભરતભાઈ નાનજીભાઈ મકવાણા
(અધ્યક્ષ : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલી, પૂર્વ મહામંત્રી શહેર ભાજપ અમરેલી)
શ્રીમતિ ભારતીબેન ભરતભાઈ મકવાણા
મંત્ર ભરતભાઈ મકવાણા - બિન્દા ભરતભાઈ મકવાણા
મકવાણા પરિવારના જયશ્રી કૃષ્ણ - અમરેલી

નારી હોસ્પિટલ

ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે

:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000

:: કમ્પ્યુટર ઓપરેટર ::
(લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઇન પ્રિસ્ક્રીપ્શન રાઇટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000

:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

ઈનામોની વણઝાર

રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ ખરીદી કરો
અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક



તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી

સૌથી... 63 56 56 0000

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
Ph.: (02792) 223557/230557
કેતનભાઈ - Mo. 9825091721
પ્રકાશભાઈ - Mo. 9601898981

રાજકોટ બ્રાન્ચ
નિલકંઠ જ્વેલર્સ (અમરેલીવાળા)
ભગવતી ફાસ્ટ ફુડની સામે, જયરાજ પ્લોટ,પેલેસ રોડ, રાજકોટ. Mo. 95375 25000
ધૃષ્ટિતભાઈ સોની - Mo. 9737917475
કંદર્પભાઈ સોની - Mo. 8140195000